
Regd No. MCS/023/2021-23 RNI No 1559/1957
E1
૯૦ સ્થાપના:૧૯૩૪
જન્મભૂમિ
જન્મદિન વિશેષ પૂર્તિ
મુંબઈ, શુક્રવાર, તા. ૯-૬-૨૦૨૩

લવ MUMBAI
Mumbai is upgrading

# મુંબઈ બદલાય છે...




## પોર્ટુગીઝો લાવ્યા, ગોઅન લોકોએ ઉછેર્યો, ઈરાનીઓએ લાડ લડાવ્યા, મરાઠીઓનો બેલી અને મુંબઈગરાનો પ્યારો

**આશિષ ભીન્ડે**

પાંઉભાજી અને વડાપાંઉની નાડ જેમ મુંબઈ સાથે જોડાયેલી છે, એ જ રીતે પાંઉનો નાળસંબંધ પોર્ટુગીઝો સાથે છે. આ બે વાનગીઓના તાર પાછા મુંબઈના મિલ કલ્ચર સાથે પણ જોડાયેલા છે. કાપડની મિલોની તેજીના કાળમાં મુંબઈમાં રોજગાર માટે આવેલા કામદારોનું પેટ ભરવાના વિકલ્પ તરીકે પાંઉભાજીનો જન્મ થયો, તો મિલો બંધ થતાં ઉદરનિર્વાહ માટે આ જ કામદારોએ વડાપાંઉના સ્ટોલ નાખવાનું શરૂ કર્યું હતું. પાંઉ સાથેની મુંબઈની લવસ્ટોરી જેટલી રસપ્રદ છે એટલી જ સ્વાદિષ્ટ અને ચટાકેદાર કથા આ બે વાનગીઓની પણ છે. મુંબઈમાં આજે પણ એવા અનેક લોકો છે, જેમની સવાર પાંઉ સાથે થાય છે અને દિવસના એકાદ ભોજનમાં પાંઉની હાજરી હોય છે. પાંઉ, પાવ, પાંવ કે પાઓને પામ્યા તો ઉદરતૃપ્તિ ઢૂંકડી જ સમજવી.

મુંબઈ જેવા શહેરમાં ઈટિંગ આઉટ એટલે કે બહાર જમવું લક્ઝરી નહીં, પણ નેસેસિટી છે અને ઈટિંગ આઉટ એટલે ખૂલ્લામાં કે શબ્દશઃ બહાર ખાવાના સંદર્ભમાં પણ એટલું જ સાચું છે. ખાઉગલીઓ મુંબઈગરા માટે ઈટિંગ આઉટનો વિકલ્પ પણ છે અને ભાવાર્થ પણ. આ ખાંઉગલી શબ્દ કેવી રીતે આવ્યો એની પાછળ અનેક થીયરી છે. કોઈક કહે છે કે, આ શબ્દ ગુજરાતી શબ્દ ખાઉધરા પરથી આવ્યો છે, તો જેમ બાળક બોલીમાં ખાવા માટે મમ શબ્દ છે, એમ મરાઠીમાં ખાઉ શબ્દ છે. ખાઉ એટલે મમ્મમ અને જેને ટપટપથી કામ નથી તેમના માટે ખાઉગલી ઉત્તમ. પાંઉ વિના તો મુંબઈની ખાઉગલીઓની કલ્પના પણ ન થઈ શકે. મોટાભાગે આપણા મનમાં પાંઉ વિશેની નકારાત્મક વાતો જ પહેલા આવે. જેમ કે, પાંઉનો લોટ પાંવ એટલે કે પગથી ગુંદવામાં આવે છે, અત્યારે ગમે તે ઉંમરના હશો, બાળપણમાં આ વાત તમે જરૂર સાંભળી જ હશે અને કદાચ આજે પણ તેને સાચી માનતા હશો. તો કહી દઈએ કે, પાંવ એટલે કે પગ અને પાંઉ વચ્ચે કોઈ સંબંધ નથી. કદાચ કોઈ જગ્યાએ મોટા પ્રમાણમાં લોટ ગુંદવા માટે પગનો ઉપયોગ થતો હશે, પણ આ કારણથી તેનું નામકરણ થયું નથી. તો, નામ બાબતે બીજી થીયરી છે કે, ચોથો ભાગ એટલે કે પા મરાઠીમાં પાવ કહેવાય. બ્રૅડના એક લૉફનો ચોથો ભાગ એટલે પાવ થાય અને આમ પાવ પરથી પાંઉ શબ્દ આવ્યો. વધુ એક દલીલ એવી પણ છે કે પોર્ટુગીઝો પોતાની સાથે આ ખાદ્ય પદાર્થ લાવ્યા હતા, જેને તેઓ પાઓ કહેતા, તેને મરાઠીઓ પાવ અને ગુજરાતીઓ પાંઉ કહેવા લાગ્યા. ૧૫૩૪થી ૧૬૬૧ સુધી પોર્ટુગીઝોનું આધિપત્ય બૉમ્બેપર હતું. પાઓ જેવા જ અનેક પોર્ટુગીઝ શબ્દો મુંબઈગરાની બોલચાલમાં છાના પગલે પ્રવેશી ગયા છે, સમજો ને કે વણાઈ ગયા છે. જેમ કે, ક્રિસમસ માટેનો નાતાલ, ચર્ચના ફાધર માટે વપરાતો પાદરી શબ્દ, માઈ (માએ), બટાટા, કાજુ, ટમેટાં, કોબી, પેરું (પેરા), અનાનસ, ખમીસ (કમિસા), સાબુ (સાબાઓ), જુલાબ (જુલાપ). પોર્ટુગીઝો પોતાની સાથે બટેટા લાવ્યા અને મરચાં પણ તેમની જ દેણ છે. પાંઉ આવ્યા એ પહેલા ભારતમાં ઘઉંની રોટલી કે પુરી ખવાતી. મેંદા સાથે આપણો પરિચય બહુ મોડો થયો. મુસ્લિમ વેપારીઓ અને શાસકો પોતાની સાથે મેંદો લઈ આવ્યા. બેક કરેલી વાનગીઓમાં મુસ્લિમોનો હાથ કોઈ ઝાલી શકે એમ નહોતું અને આજે પણ આ



બાબત મહદઅંશે સાચી છે. ઉત્તર ભારતમાં મુસ્લિમોમાં પાંઉ કે બ્રૅડનું ખાસ ચલણ નથી. આજે પણ, દિલ્હી, લખનઊ કે અલ્હાબાદમાં કબાબ કે કોરમા સાથે રોટી, પરાઠા કે નાન પીરસવામાં આવે છે, પણ મુંબઈમાં આવી વાનગી સાથે બ્રૅડની સ્લાઈસ કે બે પાંઉની જુગલબંદી હોય છે. તો સવાલ એ થાય કે, ઉત્તર ભારતના મુસ્લિમો કરતાં પશ્ચિમ તરફના મુસ્લિમોમાં નરમ નરમ બ્રૅડ કે પાંઉ માટે આવો સૉફ્ટ કૉર્નર શા માટે છે? આનો જવાબ છે પોર્ટુગીઝો. આ પ્રજાએ ભારતમાં કોચિન અને ગોવા જેવા ભાગોમાંથી પ્રવેશ કર્યો, જ્યાંના સ્થાનિક લોકોનો ખોરાક મુખ્યત્વે ભાત હતો. થોડુંક કરકરાપણું ધરાવતા બ્રૅડને પોતાના ભોજનમાં પોર્ટુગીઝો મિસ કરવા લાગ્યા. ઘઉંનો લોટ તો મળ્યો પણ પાંઉ બનાવવા માટે તેમાં નાખવાની યીસ્ટ (એક પ્રકારની ફૂગ) ક્યાંથી લાવવી.

(અનુસંધાન પૂર્તિ પાનું E4 પર)

Mumbai Wholesale Hosiery Merchants Association
ESTD.:1972
Regd. No. F - 3805
43, Pragraj, 4th Floor, 80/82, Issaji Street, Above Saraswat Bank, Mumbai - 400003
Email: mumbaihosieryassociation@gmail.com
WhatsApp & SMS : 8454956917
જન્મભૂમિ
૯૦મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છા
PRESIDENT: Mr. Motimani Singh Tel.: 40122305, 9323420887
SECRETARY: Mr. Sunil Khunteta Tel.: 46018930, 9320002081

MUMBAI TEXTILE MERCHANTS' MAHAJAN
(Estd. 1881)

મુંબઈ ટેક્સ્ટાઈલ મર્ચન્ટ્સ મહાજનની અનેકવિધ પ્રવૃત્તિઓ

મુંબઈ ટેક્સ્ટાઈલ મર્ચન્ટ્સ (કાપડના વેપારીઓ)નું મહાજન ૧૮૮૧ની તેની સ્થાપનાથી માડીને છેલ્લા ૧૪૩ની પ્રસંશનીય કાર્ય કરતું આવ્યું છે. મહાજન કાપડ ઉદ્યોગ અને તેના વેપારીઓની અનેક રીતે સેવા કરતું રહ્યું છે.

- મહાજન વિવિધ પ્રદર્શનો, ટેક્સ્ટાઈલ ફેઅર્સ અને વર્તમાન બાબતો પર સેમિનારનું આયોજન કરતું રહ્યું છે. વેપારીઓના લાભાર્થે હોળી, દિવાળી જેવા મેળાવડા અને રક્તદાન શિબિર, તબીબી શિબીરો જેવી સામાજિક પ્રવૃત્તિઓ તેમ જ ગુમાસ્તા, માથાડીઓનાં બાળકો માટે પ્રાયોજિત સ્કૉલરશિપો વગેરેનું આયોજન પણ મહાજન દ્વારા કરવામાં આવતું હોય છે.
- મુંબઈ ટેક્સ્ટાઈલ મર્ચન્ટ્સના મહાજને હંમેશાં આગળ રહીને વેપારીઓનાં અધિકારો માટે લડત ચલાવી છે. કાપડના વેપારીઓ માટેનું એક મુખ્ય યોગદાન આર્બિટ્રેશન ઍન્ડ કૉન્સિલિયેશન ઍક્ટ રહ્યો છે, જેનો લાભ વેપારીઓને તેમની કાયદેસરની લાંબા સમયની બાકીની રકમ મેળવવા માટેનો રહ્યો છે. મહાજનની પોતાની આર્બિટ્રેશન પૅનલ છે. જેને નામદાર હાઈ કોર્ટ (મુંબઈ)એ મુંબઈની હકૂમત હેઠળ સર્ટિફાઈડ કરી છે.
- ૧૪૩ વર્ષની સફળ યાત્રાની યાદગીરી માટે મુંબઈ ટેક્સ્ટાઈલ મર્ચન્ટ્સના મહાજને મનોરંજન કાર્યક્રમના સ્વરૂપમાં ભંડોળ એકત્ર મુંબઈ ટેક્સ્ટાઈલ મર્ચન્ટ્સ મહાજન પાસે ૨૦૦૦ ચોરસ ફૂટની પોતાની જગ્યા છે, જેનો ઉપયોગ તબીબી શિબીરોના આયોજન માટે કરવામાં આવે છે અને તે મીટિંગો અને પરિષદો માટે ભાડે આપે છે.
- સી વૉર્ડના ૧૨ ઍસોસિયેશનોના બનેલા ટેક્સ્ટાઈલ ટ્રેડ ઍસોસિયેશનની સંયુક્ત પગલાં સમિતિની રચના મહાજનની નેતાગીરી હેઠળ કરવામાં આવી હતી. સી વૉર્ડ વિસ્તારમાં કાપડનો ધંધો કરતી ૧૦ હજાર દુકાનો છે.

જન્મભૂમિને ૯૦ વર્ષ પ્રવેશની શુભ કામના

250, Sheikh Memon Street, Mulji Jetha Market, Mumbai - 400 002. Tel.: 4973 1186, 70211 58750
Email : mtmmtradefair@gmail.com Website : www.mtmm.co.in

# મુંબઈગરાની તરસ સંતોષતી પરબો તરસી છે...

કોઈપણ શહેરની ઓળખ તેના સ્થાપત્યથી તો બનતી જ હોય છે, પણ તેમાં વસતાં લોકોના જુસ્સો કે મિજાજ અને ઉદારતા પણ તેની ઓળખ હોય છે. મુંબઈની બાબતમાં આવી ઓળખ પીવાના પાણીની પરબો આપે છે. આશ્ચર્ય થયું ને?! બૉટલ્ડ વૉટરના આજના જમાનામાં પાણીની પરબ મુંબઈના મિજાજનો પડઘો કેવી રીતે પાડી શકે? વેલ, પાણીનું દાન જ સૌથી પહેલા તો આજના સમયમાં જરાક અજુગતી વાત લાગે. આમ તો પાણીનું કોઈ મૂલ્ય નથી અને આમ છતાં આપણે આજે પાણી માટે મૂલ્ય ચૂકવીએ જ છીએ ને?જો પાણીનું મૂલ્ય હોય તો તેનું દાન કેમ ન હોઈ શકે? તરસ્યાને પાણી પીવડાવવું એ પુણ્યનું કામ ગણાય છે અને ગરમીમાં બે ઘડી પોરો ખાઈ, પાણી પી, અજાણ્યા લોકો સાથે ઘડી-બે-ઘડી વાત કરી તરોતાજા થઈ ફરી કામે ચડી જવાની સહુલિયત આ પરબો મુંબઈગરાને આપતી. હજી એકાદ સદી પહેલા મુંબઈમાં આ કારણસર જ ફુવારા અને પરબો ઠેકઠેકાણે હતા. ઈનફેક્ટ, ૧૯૯૫માં


**આશિષ ભીન્ડે**

મ્યુનિસિપલ કૉર્પોરેશન ઑફ ગ્રેટર મુંબઈએ હેરિટેજ સ્ટ્રક્ચર્સની એક યાદી બહાર પાડી હતી, જેમાં આઈલૅન્ડ સિટીમાં (અર્થાત કોલાબાથી સાયન અને કોલાબાથી માહિમ વચ્ચે) આવા ૧૬ ફુવારા-પરબ ઊર્ફે પાણપોઈ કે પ્યાઉનો ઉલ્લેખ હતો. હવે, આટલું વાંચી ને ઘણાની આંખો ચમકી હશે અને મગજમાં વિચાર ઝબક્યો હશે કે, હોતું હશે? મુંબઈમાં માત્ર ૧૬ ફુવારા અને પરબ જ છે? અરે, વીસેક તો મારા ધ્યાનમાં છે. આનો ખરો આંકડો એ વખતે પચાસથી વધુનો હતો. આમાંના કેટલાક બેદરકારી અને ઉપેક્ષાની વેદી પર હોમાઈ ગયા છે, તો પચીસેક ઓળખી કઢાયા છે અને મુંબઈ પ્યાઉ પ્રોજેક્ટ હેઠળ તેમના જીર્ણોદ્ધાર શહેરના કેટલાક ઉત્સાહી અને જાણકાર આર્કિટેક્ટોએ હાથ ધર્યા છે.

તરસ્યા રાહદારીઓ અને મુસાફરો માટે પરબ બંધાવવાનું કામ લગભગ દરેક ધર્મમાં પુણ્યનું કામ ગણાય છે. આથી, મુંબઈના વેપારીઓએ પણ શહેરમાં ઠેર-ઠેર, ખાસ કરી ને ટ્રામના રૂટની આસપાસ પરબો બાંધી હતી. પણ શહેરમાં ફુવારા બાંધવાનું કામ બૉમ્બેમાં સર બાર્ટલ ફ્રેર ગવર્નર હતા એ કાળમાં એટલે કે ૧૮૬૨થી ૧૮૬૭ની વચ્ચે બૉમ્બે શહેરના ટાઉન પ્લાનિંગનો હિસ્સો હતો. શહેરની સુંદરતામાં વધારો કરે એવા સુશોભિત ફુવારા એટલે કે ફાઉન્ટન શહેરમાં સર ફ્રેરના અઢીથી ત્રણ દાયકાના કાર્યકાળમાં વધુ બન્યા હતા. આમાં સૅન્ટ થૉમસ કૅથેડ્રલના (જેના પરથી ચર્ચગેટ એવું નામ આવ્યું) સંકુલમાંનો સર કાવસજી જહાંગીર રેડીમની ફાઉન્ટન, ૧૮૬૫માં બનેલો વૅલિંગ્ટન ફાઉન્ટન, ૧૮૬૯માં મુંબઈનો સૌથી વિખ્યાત ફુવારો ફ્લૉરા ફાઉન્ટન બન્યો. આ ઉપરાંત, મહાત્મા ફૂલે માર્કેટની પાછળની તરફનો ફુવારો (૧૮૭૪), મિન્ટ રોડ પર સ્થિત રતનશી મૂળજી ફુવારો, જેની ડિઝાઈન એફ. ડબ્લ્યુ સ્ટીવન્સે બનાવી હતી. ૧૮૯૪માં બનેલો આ ફુવારો તો પરબ તરીકે પણ કામ આપતો. બાય ધ વે, આ મિસ્ટર એફ. ડબ્લ્યુ. સ્ટીવન્સ એટલે કે ફ્રેડરિક વિલિયમ સ્ટીવન્સ એ જ મહાનુભાવ છે જેમણે વિક્ટોરિયા ટર્મિનસની ડિઝાઈન બનાવી હતી. આ ફુવારાઓનું વર્ગીકરણ છ-સાત રીતે સંશોધકોએ કર્યું છે. મુંબઈના હાલના ફુવારા અને પ્યાઉ વિશે પાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા ૨૦૦૭ના પ્રોજેક્ટના સુપરવાઈઝર અને ઈતિહાસવિદ ડૉ. વર્ષા શિરગાંવકરે પોતાના અહેવાલમાં ઉલ્લેખ કર્યો છે એ પ્રકાર કંઈક આમ છે - માત્ર સુશોભનના ફુવારા, સુશોભન ધરાવતા પરબ અને હવાડા (પ્રાણીઓ માટે પાણી પીવાની વ્યવસ્થા), પરબ અને હવાડા, માત્ર પરબો, સજાવટના ફુવારા અને પ્યાઉ, કબૂતરખાના તથા કબૂતર ખાના અને પરબ.


બૉમ્બે વિકસી રહ્યું હતું ત્યારે બહારથી આવી ને અનેક લોકોએ તેને પોતાની કર્મભૂમિ અને ઘર બનાવ્યું અને આ લોકોએ જ આ પરબો પણ બંધાવી છે. બહારથી આવી ને વસેલાઓમાં પારસીઓ, હિન્દુ વાણિયાઓ અને જૈન વાણિયાઓ, વહોરાજીઓ, મેમણો અને ખોજા તથા ભાટિયાઓ સૌથી આગળ પડતા હતા. ૨૦૦૮ના ડૉ. શિરગાંવકરના અહેવાલ મુજબ, પચાસમાંથી સૌથી વધુ ફુવારા-પરબો પારસીઓએ (૧૮) બંધાવ્યા હતા. એ પછી ૧૪ સાથે ગુજરાતીઓ બીજા સ્થાને, ત્રણ મહારાષ્ટ્રીયનોએ, બે મુસ્લિમોએ અને એક ભાટિયાએ બંધાવ્યા હતા. તો કેટલાક બ્રિટિશ અધિકારીઓનાં કામને બિરદાવવા માટે સ્મૃતિ તરીકે બંધાવવામાં આવ્યા છે.

ફુવારા અને પરબોની બાબતમાં સર કાવસજી જહાંગીર રેડીમનીનું નામ સૌથી પહેલું લઈ શકાય, તેમણે શહેરને ચાળીસ ફુવારા આપ્યા હતા. પણ, ૨૦૦૭ સુધીમાં શહેરમાંથી તેમના નામ સાથે સાંકળી શકાય એવા માત્ર છ અને બીજા બે તેમની સાથે સાંકળી શકાય એમ કુલ આઠ જ ફુવારા-પરબો મળ્યા. આમાંથી સૅન્ટ થૉમસ કૅથેડ્રલમાંના ફુવારાના દસ્તાવેજો ઉપલબ્ધ છે અને ૧૮૬૪માં આ ફુવારો રેડીમનીએ લંડનમાં બનાવડાવ્યો હતો અને તેની પાછળ ૧૩,૭૭૭ રૂપિયાનો ખર્ચ થયો હતો. કાવસજીએ વિધર્મી ધર્મસ્થળમાં આ ફાઉન્ટન મૂકાવ્યું હોવાથી તેને એ વખતના પારસીઓ કાવસજી ક્રૉસ તરીકે પણ ઓળખતા. મુંબઈ પ્યાઉ પ્રોજેક્ટમાં કેટલાક ફુવારા-પરબોના રિસ્ટોરેશન સાથે સંકળાયેલા વાસ્તુ વિધાન


કેશવજી નાયક ફુવારો, ભાત બજાર (કેટલીક તસવીરો : વિરલ જોશી)

પ્રોજેક્ટના આર્કિટેક્ટ રાહુલ ચેમ્બુરકર કહે છે કે, લંડનના રીજેન્ટ્સ પાર્કમાં પણ રેડીમની ડ્રિન્કિંગ ફાઉન્ટન છે, જે પારસી ફાઉન્ટન તરીકે ઓળખાય છે અને તેનો ખર્ચ કાવસજી જહાંગીરે ૧૮૬૯માં ૧૪૦૦ પાઉન્ડના ખર્ચે બંધાવ્યું હતું. ૧૯૯૯-૨૦૦૦માં તેના રિસ્ટોરેશન પાછળ ચાર લાખ પાઉન્ડનો ખર્ચ થયો હતો. તો, ફ્લૉરા ફાઉન્ટન ફુવારો બૉમ્બેના ગવર્નર બાર્ટલ ફ્રેરના માનમાં બાંધવામાં આવ્યો હતો અને તેનું નામ હતું ફ્રેર ફાઉન્ટેન, પણ તેના પર ફૂલોની ભાતને કારણે ફ્લૉરલ અથવા તો ફ્લૉરા ફાઉન્ટન એવું નામ લોકજીભે ચડી ગયું. ૧૮૬૯માં આ ફુવારો મૂળ તો તત્કાલીન વિક્ટોરિયા ગાર્ડનમાં (લોકજીભે રાણીબાગ તરીકે પ્રસિદ્ધ જીજામાતા ઉદ્યાન) બનવાનો અને મૂકાવાનો હતો. પણ પછી મ્યુન્સિપલ કમિશનર આર્થર ક્રૉફર્ડની મદદથી એસ્પ્લેનેડ ફી ફંડ કમિટીએ તેને અત્યારના સ્થળે બનાવવાનો નિર્ણય લીધો. ફાઉન્ટનનો ખર્ચ થયો હતો રૂા. ૪૭,૦૦૦, પણ શેઠ કરસેતજી ફરદૂનજી પારેખે પોતાના તરફથી રૂા. ૨૦,૫૦૦નું વધારાનું યોગદાન આપ્યું હતું.

વાસ્તુ વિધાન પ્રોજેક્ટ્સના રાહુલ ચેમ્બુરકરને મુંબઈની પરબો પ્રત્યે ખેંચાણ થયું તે ૨૦૧૦માં ભારતમાતા સિનેમા પાસે એક પ્યાઉ રસ્તાના કામ દરમિયાન તોડી પડાયું એ જોઈને. એ પછી તો ચેમ્બુરકરે આવા ૨૧ પ્યાઉ શોધી કાઢ્યા અને પાલિકાને અહેવાલ સોંપ્યોકે વીતેલા યુગની વિરાસત સમા સ્થાપત્યોને આપણે સાચવવા-જાળવવા જોઈએ. બસ, ત્યારથી તેઓ આ


મૂળજી જેઠા ફાઉન્ટન


રાણીબાગમાંની ચાર પરબોમાંથી એક


વાસ્તુવિધાન પ્રોજેક્ટ્સના રાહુલ ચેમ્બુરકર હોર્નિમન સર્કલ પાસેના હવાડા સાથે

કાર્યમાં જોડાઈ ગયા. દાદરમાં સેના ભવનની સામે કોહિનૂર ટાવરની બહારની ફૂટપાથ પર એક અડધો તૂટેલો પ્યાઉ છે અને તેની જોડકી બહેન સમી પરબ વીર સાવરકર રોડ પર શિવાજી પાર્ક પાસે છે, જે અકબંધ છે, આ બંને પરબો રામજી સેટિબા નામના દાનવીરે વીસમી સદીની શરૂઆતમાં બંધાવી હતી.

એકલા રાણી બાગ એટલે કે વીર જીજામાતા ઉદ્યાન જ ૧૯૦૩ અને ૧૯૩૩ વચ્ચે બનેલા ચાર પ્યાઉ છે. આ ફુવારા-પરબો બંધાવનારાઓમાં શેઠ શામલદાસ નરસીદાસ (૧૯૦૩), અરદેશીર દાદાભોય (૧૯૧૨), ખીમજી મૂલજી રાંદેરિયા (૧૯૩૩) વધુ એક પરબ પણ અરદેશીર દાદાભોય દાદીશેઠે બનાવી છે. મલાડ સ્ટોન, ચૂનાના પથ્થર અને બાસાલ્ટની બનેલી આ પરબોમાંથી એક તો જમીનની અંદર એકાદ મીટર જેટલી ખૂપી ગઈ હતી. અત્યારે આ ચારેયને રિસ્ટોર કરવાનું કામ ચાલુ છે. ચેમ્બુરકરનું કહેવું છે કે, ૨૦૨૫ સુધીમાં મુંબઈની તમામ પરબો ફરી પાણી આપતી થઈ જશે અને પ્યાઉની પાસે ક્યુઆર કૉડ ધરાવતી ઈન્ફૉર્મેશન ટૅબ્લેટ્સ હશે, જેથી લોકો તરસ બૂઝાવવાની સાથે એ પ્યાઉનો ઈતિહાસ પણ જાણી શકશે.

## ગુજરાતી કનેક્શન ધરાવતા મુંબઈની પરબ, ફુવારા અને હવાડા

**કેશવજી નાયક ફુવારો :** પ્રવૃત્તિઓથી ધમધમતાં મસ્જિદ બંદર, માંડવીના ચિંચબંદર વિસ્તારના ભાતબજારમાં તમે જશો તો આ ફુવારા પર તમારી નજર પડ્યા વિના રહી જ ન શકે. અષ્ટકોણ આકારમાં બનેલો આ ફુવારો ખરેખર તો તરસ્યા રાહદારીઓ માટેની પરબ અને બળદ તથા ઘોડા જેવા જીવો માટેનો હવાડો હતો. તેના આકારના કારણે એકસાથે ચાર લોકો અહીં પાણી પી શકે છે. તો, પાણીના કુંડ એવી રીતે બનાવાયા છે કે પશુ-પક્ષીઓને પાણી પીવાનું સહજ થાય. એ જ રીતે સ્થાપત્ય કળા અને તેમાં વપરાયેલી સામગ્રીમાં પણ વૈવિધ્યતાની પસંદગી ઊડી ને આંખે વળગે છે. કચ્છી દશા જ્ઞાતિના શ્રેષ્ઠી કેશવજી નાયકે આ ફુવારો બંધાવ્યો હતો અને તેમાં કુલ ચાર પ્રકારના કુદરતી પથ્થરોનો ઉપયોગ થયો છે. કુંડ તથા ચાર ફૂટ ઊંચા બેઝ માટે કાળા બેસાલ્ટ પથ્થર, અષ્ટકોણી ભીંતો માટે મલાડ સ્ટોન એટલે કે ફીક્કા પીળા રંગનો બેસાલ્ટ. કુલ બાર સ્તંભ માટે રેડ સ્ટોન (ધોલપુરી) અને નકશીદાર કમાન માટે પોરબંદર સ્ટોનનો ઉપયોગ થયો છે. ઉપર ઘુમ્મટાકાર છત છે હેમાડપંત શૈલીમાં બાંધવામાં આવી છે. પાણીની ટાંકી અને ઘડિયાળ સુધી પહોંચવા માટેની જોગવાઈ પણ કરવામાં આવી છે. કુલ ત્રણ હવાડા કે કુંડ છે, જે ઉત્તર દિશાના પગથિયાંની પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં છે. આ કુંડનો આકાર પણ પાછો આંખ જેવો છે, જે જરાક ઊંચાઈથી જોઈ શકાય છે. રાહદારીઓ માટે પાણી પીવાની વ્યવસ્થા આ પગથિયાં ચડી ઉપરની તરફ જતાં વચ્ચે કરવામાં આવી છે અને પાણી પીધા પછી ઘડી-બે ઘડી પોરો ખાવાની વ્યવસ્થા પણ છે. આ દાદરની બંને તરફ એક-એક નંદી છે. આ બાજુએ જ ઉપરની તરફ ટાવરની નજરા નીચે કેશવજીબાપાની અર્ધપ્રતિમા દીવાલમાં જડેલી છે અને પૂર્વ તરફ મુખ્ય દાતા તથા અન્ય વિગતો શીલાલેખ તરીકે કોતરેલી છે. આઠમી જાન્યુઆરી, ૧૮૭૬ના રોજ બૉમ્બેના તત્કાલીન ગવર્નર સર ફિલિપ ઍડમંડ વુડહાઉસે આ ફાઉન્ટનનું લોકાર્પણ કર્યું હતું અને એ કાળમાં બાંધકામનો ખર્ચ ત્રેવીસ હજાર રૂપિયા થયો હોવાનો ઉલ્લેખ છે. જોકે, આટલા વર્ષોમાં એક તબક્કો એવો આવ્યો કે, આ ફાઉન્ટેશન સાવ ઉપેક્ષિત સ્થિતિમાં પહોંચી ગયો હતો અને તેના પર ઝાડવા ઊગી નીકળ્યા હતા, મૂળ રંગ દેખાતો બંધ થઈ ગયો હતો અને નુકસાન પણ ખાસ્સું એવું થયું હતું. આસપાસ નાસ્તાની લારીઓ લાગી ગઈ હતી અને આ ફુવારા તરફ નજર પણ જાય નહીં એવો માહોલ હતો. નરસી નાથા (કડીઓ જ્ઞાતિના વધુ એક શ્રેષ્ઠી) સ્ટ્રીટ સ્થિતિ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનને ખર્ચ કરી વાસ્તુ વિધાન પ્રોજેક્ટ્સને ફાઉન્ટનના જીર્ણોદ્ધારનું કામ સોંપ્યું અને ૨૦૧૫માં રાજ્યના તત્કાલીન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે આ ફુવારો ફરી ખુલ્લો મૂકાયો.

**મૂળજી જેઠા ફાઉન્ટન :** આવો જ ભવ્ય ફુવારો જનરલ પૉસ્ટ ઑફિસની સામેના મિન્ટ રોડ અને પી ડીમેલો રોડના જંક્શન પર પણ છે. જે મૂળજી જેઠા ફાઉન્ટન તરીકે ઓળખાય છે, પણ તેનું બાંધકામ રતનશી મૂળજીએ પોતાના પંદર વર્ષના એકમાત્ર દીકરા ધરમશી રતનશીની યાદમાં કરાવ્યું હતું. ધરમશીને વાંચનનો જબરો શોખ હતો અને તેઓ ભણવા માટે ઈંગ્લૅન્ડ જવાના હતા, પણ એ પહેલા જ ૧૮૮૯માં પ્લેગ કાં તો ટીબીને કારણે પંદર વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. ૧૯મી સદીના જાણીતા આર્કિટેક્ટ અને મુંબઈમાં અનેક મહત્ત્વની ઈમારતોની (વિક્ટોરિયા ટર્મિનસ, મ્યુનિસિપલ કૉર્પોરેશન બિલ્ડિંગ, ચર્ચગેટ ખાતેની બીબીઍન્ડસીઆઈ ઈમારત તથા અન્ય) ડિઝાઈન બનાવનારા ફ્રેડરિક ડબલ્યુ. સ્ટીવન્સે બનાવી હતી અને ત્યારે બૉમ્બે સ્કૂલ ઑફ આર્ટ્સ તરીકે ઓળખાતી (હવે જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સ) ઈન્સ્ટિટ્યૂટના વડા જૉન ગ્રિફિથે તેનું શિલ્પકામ કર્યું હતું. કલાત્મક રીતે કોતરેલો આ ફુવારો ફાઉન્ટન પરબ અને હવાડો એમ ત્રણેય કામ આપતો. વચ્ચે સુંદર છત્તરડીનું બાંધકામ છે અને તેની ઉપર એક કિશોર હાથમાં પુસ્તક લઈ ઊભો છે અને તેનું ધ્યાન પુસ્તકમાં જ ચોટેલું છે. આ વિસ્તારના લોકોને પૂછવામાં આવે કે, આ કોનું પૂતળું છે તો પારસી અગ્રણી ફિરોઝશા મહેતા અને દયાનંદ સરસ્વતી જેવાં નામ સાંભળવા મળી શકે છે. કેમ કે, આ ચોકનું નામ સ્વામી દયાનંદ સરસ્વતી ચૌક છે અને પારસીઓનું વર્ચસ આ વિસ્તારમાં હતું. કચ્છથી મુંબઈ આવી સ્વબળે કપાસનો વેપાર કરી સામ્રાજ્ય ઊભું કરનાર રતનશી મૂળજી ભાટિયાએ ૧૮૯૪માં આ સ્મારક-ફુવારો બંધાવ્યો હતો. ઈન્ડો-સારસેનિક શૈલીના આ શિલ્પની સજાવટમાં હાથી અને સિંહના માથાનાં શિલ્પોનો ઉપયોગ થયો છે. જોકે, પાણી નીચે જવા માટે ચાર ગૌમુખ છે. અનેક દાયકાઓ સુધી આ ફુવારો અવાવરુ પડ્યો રહ્યો અને કચરો તથા ગંદકી જમા થવા લાગી ત્યારે ૨૦૧૭માં કાલાઘોડા ઍસોસિયેશને એકત્ર કરેલા ભંડોળમાંથી આર્કિટેક્ટ વિકાસ દિલાવરીના પ્રયાસોથી આ ફુવારાનો જી ર્ણોદ્ધાર થયો.


હવાડો બુઝાવે માનવીની તરસ : ટ્વિટર પર મળેલી આ તસવીરમાં હવાડા પર ચડી તરસ બુઝાવી રહેલા માણસની છે, શહેર મુંબઈ છે પણ વર્ષ અને ચોક્કસ જગ્યા અજ્ઞાત


કોઠારી પ્યાઉ મેટ્રો સિનેમા જંક્શન નજીક


ક્રાફર્ડ માર્કેટનો ફુવારો


જીપીઓ સામેની પરબ

**લીલાવતી ત્રિભોવનદાસ પરબ :** જનરલ પૉસ્ટ ઑફિસના મુખ્ય દરવાજાની બરાબર સામેની તરફ કબૂતરખાનું છે અને તેમાં એક સુંદર પરબ છે. દેવીદાસ પ્રભુદાસ કોઠારીએ ૧૯૨૩માં આ પરબ પોતાની દીકરી લીલાવતી ત્રિભોવનદાસની યાદમાં બંધાવી હતી. ચાર મિનારા ધરાવતી આ પરબનું સામારકામ ૧૯૬૮માં હકીમચંદ શાંતિલાલ દોશી અને પછી ગુપ્તા પરિવારે કરાવ્યું હતું. રાહુલ ચેમ્બુરકરની વાસ્તુ વિધાન પ્રોજેક્ટ્સની ટીમે આ પરબનું રિસ્ટોરેશન કર્યું છે અને ૨૦૧૮માં આ પરબ લોકો માટે ખૂલ્લી મૂકાઈ છે. ચેમ્બુરકર જણાવે છે કે, હું આ વિસ્તારમાં હોઉં ત્યારે આ પરબ પર પાણી અચૂક પીઉં છું, કેમ કે આ પરબોને જીવંત રાખવાનો એક જ માર્ગ છે, તેનું પાણી પીવું.

**કોઠારી પરબ :** વધુ એક પરબ છે, જે કોઠારી પરબ તરીકે ઓળખાય છે, જે ધોબીતળાવમાં મેટ્રો સિનેમાના જંક્શન પર આઝાદ મેદાનના ખૂણે માધવદાસ લક્ષ્મીદાસ કોઠારીએ પોતાના માતા-પિતા લક્ષ્મીદાસ જીવણદાસ અને નાનીબાઈ કોઠારીની સ્મૃતિમાં ૧૯૧૩માં આ હવાડો બંધાવ્યો હતો, જેમાં મંદિરના આકારના બે એકસરખા ટાવર છે, જેના વચ્ચેના ભાગમાં ચારેય તરફ દેરી કે ગોખલા જેવી બનાવટ છે અને ઉપર શિખર છે. મૂળ તો આ બે શિખરની વચ્ચે ઘોડા અને બળદવને પાણી પીવા માટેનો હવાડો હતો. પણ, પછીથી ૧૯૯૨માં વચ્ચે શાળામાં કે રેલવે સ્ટેશન પર જોવા મળે એવી પાણી પીવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, આ સાર્વજનિક પરબ ક્યારેય ઉપયોગમાં લેવાઈ જ નહોતી. આ વચ્ચેનું માળખું દૂર કરી તેની જગ્યાએ નવેસરથી પાણીની પરબ બાંધવાનું તથા દેરી જેવા બે શિખરોનો જીર્ણોદ્ધાર કરવાનું કામ ફૉર્ટ મૅનેજમેન્ટ પ્લાન અંતર્ગત અર્બન ડિઝાઈન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે હાથ ધર્યું હતું.

કૉટન ગ્રીન રેલવે સ્ટેશનની પાસે લવજી મેઘજી નામના કપાસના કચ્છી લોહાણા દલાલે પોતાનાં દીકરી કુસુમબાળાની યાદમાં એક પ્યાઉ ૧૯૨૪માં બંધાવ્યું હતું. આ લવજી મેઘજી એટલે ગુજરાતી રંગભૂમિ તથા ટીવી સિરિયલોના અભિનેતા બકુલ ઠક્કરના દાદા.

તો, ફૉર્ટ વિસ્તારમાં હૉર્નિમન સર્કલ ગાર્ડનના મુખ્ય દરવાજાની બહાર એક ઝૂંપડી જેવું દેખાતું માળખું છે, જે ખરેખર તો હવાડો છે. ૧૮૧૧માં ખોદાયેલા કૂવા પાસે બનેલો આ હવાડો ૧૮૭૩માં બંધાવવામાં આવ્યો છે. તેના પરના શીલાલેખમાં શા ગંગાદાસ વિજભૂષણદાસનાં વિધવા બાઈ માનકુંવર બાઈએ પતિની સ્મૃતિમાં આ હવાડો બંધાવ્યાનો ઉલ્લેખ છે.

**પરબની આ કથા અને કનેક્શનો એટલા પાણીદાર છે કે, તેનો પ્રવાહ આમ અધવચ્ચે રોકવાનું મન નથી થતું, પણ સ્થળસંકોચને કારણે અહીં અટકીએ છીએ, એ વચન સાથે કે, ટૂંક સમયમાં જ મુંબઈની આ પરબો પરની એક શ્રેણી જન્મભૂમિમાં શરૂ કરશું.**

## પરબની તરસ છે ?



**તમને મુંબઈની પરબો, ફુવારા અને હવાડાઓ વિશે જાણવામાં રસ હોય અને તમારા જેવા જ રસિયાઓનું દસ કે પંદર જણનું ગ્રુપ તમે બનાવી શકતા હો તો, વાસ્તુ વિધાન પ્રોજેક્ટ્સના રાહુલ ચેમ્બુરકર તમારા માટે હેરિટેજ પ્યાઉ વૉક યોજવા તૈયાર છે. તમને આવી વૉકમાં જોડાવું હોય અથવા તેનું આયોજન કરવું હોય તો જન્મભૂમિ કાર્યાલયમાં આ લખનારનો સંપર્ક કરી શકો છો.**



# મુંબઈ મેરી જાન અને શાન







હોર્નિમલ સર્કલ




કાલા ઘોડા



ખડા પારસી



વી.ટી.



ટ્રામ



ગણેશોત્સવ

મુંબઈ છે ખાસ
માયાનગરીમાં વસવાની સહુને છે આશ
ભાગતી દોડતી જિંદગીમાં
કંઈક પામવાની છે સહુને આશ

ગણપતિ મહોત્સવ અહીં ઊજવાય છે ખાસ
મુમ્બાદેવી, મહાલક્ષ્મી, સિદ્ધિવિનાયક
અને હાજીઅલીની છે અલગ જ વાત

માનવતાની મહેંક સાથે સહુ કામ કરતા ખાસ
દિવસ રાત દોડતી મુંબઈમાં રહેવું છે મઝાની વાત

- રત્ના પીયૂષ





## જન્મભૂમિને ૯૦મા જન્મદિવસની શુભકામના



મરીન ડ્રાઈવ



આધુનિક મુંબઈ



સી લિંક



મોનો રેલ



મેટ્રો રેલ



વંદે ભારત

## મુંબઈને રિપેર બોર્ડની નહીં, રિડેવલપમેન્ટ બોર્ડની જરૂર



વિક્રમ બ્રહ્મભટ્ટ
બિલ્ડર-ડેવલપર અને લાદી બજાર મર્ચન્ટસ એસોસિયેશન

ધર્મેશ વકીલ

મુંબઈમાં ઝડપથી થઈ રહેલા માળખાકીય સુધારા તેમ જ વિદેશોની જેમ થઈ રહેલા સર્વાંગી પરિવર્તનને આવકારતા બિલ્ડર-ડેવલપર અને લાદી બજાર મર્ચન્ટસ એસોસિયેશનના વિક્રમભાઈ બ્રહ્મભટ્ટે સહર્ષ આવકારતા વિવિધ સરકારી તેમ જ કાયદાકીય ગૂંચ બાબતે પ્રજાને પડતી હાલાકીઓનો વસવસો વ્યક્ત કર્યો છે.

જૂના અને બિસ્માર મકાનોનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરી યોગ્ય માપદંડથી આવા સેસ્ડ તેમ જ અનસેસ્ડ મકાનો અને ઈમારતોની 'લાઈફ'ની આકારણી કરી કાયદો લાવી એના રિડેવલપમેન્ટનો માર્ગ મોકળો કરવાની તાકીદે જરૂર છે. જૂની ચાલીઓ અને ઝૂપડાંઓમાં રહેતા લાખો લોકોને ન્યાય આપવો હોય તો રિપેર બોર્ડના સ્થાને રિડેવલપમેન્ટ બોર્ડની રચના કરવી જોઈએ.

દક્ષિણ મુંબઈના ડંકન રોડસ્થિત એશિયાના સૌથી જૂના લાદી બજારના વિકાસ આડે એકમાત્ર અવરોધ પાર્કિંગનો છે. અહીં આશરે ૧૫૦ દુકાનો છે. છેલ્લાં થોડાં વર્ષોથી અહીંથી વેપાર ઉપનગરો અને નવી મુંબઈ તરફ ફંટાઈ ગયો છે. આ બજારને જો માલ પેટર્નની જેમ વ્યવસ્થિત કરવામાં આવે તો ધંધામાં અનેકગણી વૃદ્ધિ થશે તેમ જ ગીચતા, ટ્રાફિકજામ, પાર્કિંગ વગેરેની સમસ્યાઓથી કાયમી છુટકારો મળશે.

## ગ્લૉબલાઈઝેશનના યુગમાં બિઝનેસ માટે વિશાળ તકો

ઈમિટેશન જ્વેલરી બિઝનેસમાં વર્ષ ૧૯૭૯થી કાર્યરત રમેશ સી. જનાણી (સુહાગવાલા) બિઝનેસની સાથે સમાજસેવા અને પર્યાવરણની સુરક્ષા માટે અવિરત કામ કરી રહ્યા છે. રમેશભાઈ જણાવે છે કે, બિઝનેસનો વિસ્તાર કરવાની મોટી તક આપણા દેશમાં છે. વાહનવ્યવહાર માટે યોગ્ય રોડ, રસ્તા, ટ્રાન્સપોર્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેનપાવર બિઝનેસ માટે લોકો, જરૂરી સુવિધાઓ, ગ્રાહકો, ટેક્નૉલૉજી વગેરે અનેક સુવિધાઓ આપણી પાસે છે. વળી, કોરોના પછી ઉદ્યોગ-ધંધાની ગાડી પાછી પાટે ચડી રહી છે.

હાલમાં બૅન્કની સુવિધાઓ આમાં ખાસ કરીને બિઝનેસ માટે જરૂરી દરેક મૂળભૂત અગત્યની સુવિધાઓ આપણી પાસે છે. અમે બિઝનેસ શરૂ કર્યો એ વખતે ખાસ ટેક્નૉલૉજી ન હતી. મૅન્યુફેક્ચરિંગ ઍસોસિયેશન હતું. અમે ૧૯૮૯માં મૅન્યુફેક્ચર ઍસોસિયેશન ઈંઉંખઅની સ્થાપના કરી. મેં તેમાં ૨૬ વર્ષ સુધી સેક્રેટરીથી પ્રેસિડેન્ટ પદ નિભાવ્યું. મલાડમાં ઈંઉંખઅનું દસ માળનું બિલ્ડિંગ બનાવ્યું. હાલમાં ઈમિટેશન જ્વેલરીમાં સારું કામ થઈ રહ્યું છે. ચાઈનાની મુશ્કેલીઓને બાદ કરતાં બિઝનેસ સારો ચાલી રહ્યો છે.

**અંતિમયાત્રા રથ : મોક્ષવાહિની**

રમેશભાઈએ ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની કથામાં સાંભળ્યું કે, મૃતકના દેહને ઘરેથી સ્મશાને લઈ જવા વેહિકલ ન મળવાથી કેવી હાલાકી થાય છે આથી અંતિમયાત્રા રથ એટલે



કે મોક્ષવાહિની શરૂ કરવાનો નિશ્ચય કર્યો. પહેલાં દહીસરથી મલાડ શરૂ કરી, ત્યારબાદ હાલમાં દહીસરથી બાન્દ્રા સુધી આ સેવા ચાલુ છે. આ સેવા વિનામૂલ્ય આપીએ છીએ. સવારે આઠથી રાત્રે આઠ વાગ્યા સુધી સેવા આપવામાં આવે છે. હાલ બે મોક્ષવાહિની કાર્યરત છે. લોકો પોતાના પ્રિયજનોની યાદમાં મોક્ષવાહિનીમાં પેટ્રોલ પુરાવવા માટેની રકમ નોંધાવે છે.

**વનશ્રી ફાઉન્ડેશન**

બિઝનેસ, સમાજસેવા અને પર્યાવરણનું જતન આ વિશે વધુમાં જણાવતાં રમેશભાઈ કહે છે કે મારો ૬૦ વર્ષે ષષ્ટિપૂર્તિ ઉજવવા માટે વર્ષ ૨૦૧૬માં હરિભાઈ કોઠારીનું પ્રવચન હતું. ત્યારે વિચાર આવ્યો કે, વિકાસ કરીએ ત્યારે પર્યાવરણનો વિનાશ પણ થાય છે. આવનારા સમયમાં શેની જરૂરિયાત વધારે રહેશે, એ વિચારતાં વૃક્ષો વાવવા અને તેમને મોટા કરવા માટેનો સંકલ્પ કર્યો. અત્યાર સુધીમાં ૧૦,૦૦૦થી વધુ વૃક્ષો મોટા કર્યા. પાલઘર, બિરવાડી, ઉમરોલી સ્ટેશનની બાજુમાં વૃક્ષો મોટા કર્યા. મુંબઈને હરિયાળું કરવાના નિશ્ચય માટે વધુમાં વધુ લોકો મારી સાથે જોડાશે એનો મને વિશ્વાસ છે.

**સમાજની ડિજિટલ ઍપ**

રમેશભાઈ દશા સોરઠિયા વણિક જ્ઞાતિના પ્રમુખ હતા. તેઓ કહે છે કે દરેક સમાજે તેમની જ્ઞાતિની ડિજિટલ ઍપ બનાવવી જોઈએ, જેથી સમાજના લોકો એકબીજાને જાણી શકે. ઍપના માધ્યમથી યુવાન-યુવતીઓ સમાજથી જોડાય, તેમના સગપણ માટે વિગત મેળવી શકાય.

## વિશ્વકક્ષાનું શહેર બનવા મુંબઈ હવે માત્ર બે ડગલાં જ દૂર છે



ભાઈલાલ વોરા

નવી મેટ્રો લાઈનો, એસી બસો અને ટ્રેનો, ફ્લાયઑવર્સ, કોસ્ટલ રોડથી મુંબઈ વિશ્વકક્ષાનું શહેર બની રહેશે એવો આશાવાદ સ્ટેનલેસ સ્ટીલ વાસણોના અગ્રણી ઉત્પાદક, નિકાસકાર બાલાજી મેટલના ભાઈલાલભાઈ વોરાએ વ્યક્ત કર્યો છે.

ભાઈલાલ વધુમાં ઉમેરે છે કે હાલમાં આફ્રિકા, યુરોપ, અમેરિકામાં મંદીનો માહોલ સર્જાયો છે. તેથી એ દેશોમાં આપણી નિકાસ ઓછી થઈ છે. આ ઉપરાંત નિકાસકારોને આ રાષ્ટ્રોમાં એમની નિકાસના પેમેન્ટનો ભય પણ લાગે છે.

કોવિડના કપરા કાળ પછી નવાં કારખાનાઓ ખૂલવાથી ધંધો વધુ સ્પર્ધાત્મક થયો છે. આનાથી ગ્રાહકોને ભાવ અને માલની પસંદગીમાં બહોળી તક મળી છે.

## ઇમિટેશન જ્વેલરી માર્કેટને હજુ કોરોનાની કળ નથી વળી

જિતેન્દ્ર ભટ્ટ

કોરોનાના કપરા કાળને બે વર્ષ વીતિ ગયા બાદ પણ ભૂલેશ્વરના ભોયવાડામાં આવેલી ઈમિટેશન જ્વેલરી માર્કેટમાં અગાઉ જેવી રોનક પરત નથી આવી, લગભગ ૬૦ ટકા માર્કેટ પૂર્વવત્ થઈ છે, એમ ઈમિટેશન જ્વેલરી ડીલર્સ ઍન્ડ મેન્યુફેક્ચરર્સ ઍસોસિયેશનના અધ્યક્ષ અતુલ ધનેશાએ જણાવ્યું હતું. અન્ય બિઝનેસની જેમ ગૃહ કે નાનો ઉદ્યોગ ગણાતા ઈમિટેશન જ્વેલરીમાં પણ બિઝનેસ સ્ટાઈલ બદલાય છે, વેપારીઓ ઑનલાઈન તરફ વળ્યા છે. મુંબઈમાં ઈમિટેશન જ્વેલરીના ડીલર્સ અને ઉત્પાદકોમાંથી લગભગ ૭૦ ટકાએ પોતાની વૅબસાઈટ ચાલુ કરી છે અને ઑનલાઈન બિઝનેસ કરતા થયા છે.

ભૂલેશ્વરની ઈમિટેશન જ્વેલરી બજારમાં અન્ય રાજ્યો કે વિદેશથી આવતા ગ્રાહકોમાં ધરખમ ઘટાડો થયો છે. એના કારણે બજારમાં અગાઉ જેવી રોનક નથી. કોરોના કાળમાં બજારમાં ભાડેથી બિઝનેસ કરતા પચાસ ટકા વેપારીઓ પરામાં શિફ્ટ થયા છે.

ઈમિટેશન બજારમાં આવેલી દુકાનોના ભાડામાં વધારો થયો છે પરંતુ જગ્યાની કિંમત ચાલીસ ટકા ઘટી ગઈ છે. ઈમિટેશન જ્વેલરીનું એક્સપોર્ટ માત્ર પચીસ ટકા જ રહ્યું છે, એનું કારણ આપતા ધનેશાએ કહ્યું હતું કે જ્યા ઈમિટેશન જ્વેલરીની નિકાસ થાય છે એ દેશોની કરન્સીનું ડીવેલ્યુએશન થયું છે.



અતુલ ધનેશા

ઈમિટેશન જ્વેલરીમાં ચાઈનીઝ મટિરિયલ્સ અને તૈયાર આઈટમ્સના વેચાણમાં પચાસ ટકાનો ઘટાડો થયો છે. આત્મનિર્ભર ભારતના આહ્વાનને ઝીલી લઈને અમે સ્વદેશી ઈમિટેશન જ્વેલરીનું ઉત્પાદન વધારવાના પ્રયાસોમાં છીએ, પરંતુ સરકાર તરફથી જોઈતો સહકાર કે પ્રોત્સાહન આ ઉદ્યોગને મળ્યો નથી. પરામાં અમારા મેન્યુફેક્ચર યુનિટો ફેલાયેલા છે પરંતુ લોકલ માર્કેટમાં ઘરાકી ન હોવાથી ઈમિટેશન જ્વેલરીનો ઉદ્યોગ સાવ ઠંડો પડી ગયો છે.

સરકાર કહે છે એવી બિઝનેસ બૂમ અમારા ઉદ્યોગમાં જોવા નથી મળતી. ઈમિટેશન જ્વેલરીની કાચી સામગ્રી, પ્લેટિંગ, પૉલિશિંગ અને લેબર વર્કમાં લગભગ ૨૦થી પચીસ ટકા ભાવ વધારાના કારણે રોકાણ વધ્યું છે અને ગ્રાહકી ઓછી છે એનું એક કારણ ભાવ વધારો લાગી રહ્યું છે.

મુંબઈમાં કોસ્ટલ રોડ અને મેટ્રો સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો ચાલી રહ્યા છે એના કારણે ભવિષ્યમાં ભૂલેશ્વર અને કાલબાદેવી જેવા વિસ્તારોમાં આવેલી બજારોની રોનક વધશે એવી અપેક્ષા છે પરંતુ સ્થાનિક સ્તરે ફેરિયા, ટ્રાફિક, પાર્કિંગની સમસ્યાઓની અનેક રજૂઆતો કરવા છતાં પ્રશાસન તરફથી તેનો કોઈ જ ઉકેલ આવ્યો નથી, જો પાલિકા-પ્રશાસન આ વિશે કોઈક ઍક્શન લે તો વેપારીઓને રાહત મળી શકે. સી વૉર્ડમાં સરકાર અને પાલિકા જો ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરે તો આ સમગ્ર વિસ્તાર મુંબઈનું વર્લ્ડ ક્લાસ બિઝનેસ હબ બની શકે એમ છે. જેનો ફાયદો અહીંની જાણીતી કાપડ બજારો, ઝવેરી બજાર, સ્ટીલ અને મેટલ બજાર સહિતની તમામ બજારોને મળી શકે એમ છે.

ઍસોસિયેશન વિશે ધનેશાએ જણાવ્યું હતુ કે ઈમિટેશન જ્વેલરીના બિઝનેસ સાથે સંકળાયેલા વેપારીઓમાં કોરોના કાળ બાદ એકતા જોવા મળી રહી છે, અમારા ઍસોસિયેશનમાં ૪૦૦ મેમ્બર હતા એ છેલ્લાં બે વર્ષમાં વધીને ૨,૫૦૦ રજિસ્ટર મેમ્બર થયા છે.

## એક દેશ એક કર માટે પ્રયાસ કરવા જોઇએ



વિવેક દોશી
પ્રમુખ, મેટલ એન્ડ સ્ટેનલેસ સ્ટીલ મર્ચન્ટ્સ ઍસોસિયેશન

કોરોનાકાળ બાદ આર્થિક સ્તરે ભારે નુકસાન ઉઠાવ્યા પછી વેપારી વર્ગ ધીમે ધીમે સેટલ થઈ રહ્યો છે. માર્કેટમાં થોડી તેજી જોવા મળી રહી છે. કોરોના કાળમાં મેટલ ઍસોસિયેશને તમામ સ્તરે લોકોને મદદ કરી છે. સરકારી નિયમોનું પાલન કરી વેપારીઓએ જનજાગૃતિ ઉપરાંત પોતાના સ્ટાફ અને કર્મચારીઓની નિઃસ્વાર્થ સેવા કરી છે. પોલીસ કર્મચારીઓ સહિત કોરોના વૉરિયર્સ માટે સમયાંતરે ટેસ્ટ તથા આરોગ્ય શિબિરોનું આયોજન કર્યુ હતું. આર્થિક નુકસાનીમાંથી વેપારી ફરી બેઠો થઇ શકે એ માટે સરકારને એમનેસ્ટી સ્કીમ શરૂ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે.

મુંબઈમાં ટ્રાફિકજામની અસુવિધા માટે સરકારે યોગ્ય પગલાં લેવાં જોઈએ. મેટ્રોના કામમાં ગતિ લાવવી જોઈએ. ચોમાસામાં પાણી ન ભરાય એ માટેના પ્રયાસ કરવા જોઈએ. અનેક સમસ્યાઓથી વેપારી વર્ગ ત્રસ્ત છે. એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી, આયાત નિકાસ નીતિ સરળ કરવી જોઈએ. ભારતમાં એક દેશ એક કર લાગુ કરવામાં આવે તો આર્થિક વિકાસ થઇ શકે. જીએસટી કર પ્રણાલીમાં સરળ પ્રક્રિયા હોવી જોઈએ.ભવિષ્યમાં સ્ટીલની માગ અને વધી રહેલા વેપારને જોતાં વેપારીઓ માટે સરળ પોલિસી બનાવવી જોઈએ.

## પોર્ટુગીઝો લઈ આવ્યા, ગોઅન લોકોએ ઉછેર્યો,...

(પૂર્તિ પાના E1થી ચાલુ)

આનો તોડ મળ્યો તાડીમાં. પાંઉના લોટમાં આથો લાવવા માટે તાળીના થોડાક ટીપાં નાખી દેવાતા, આમાંથી પોડર્સ એટલે કે બેકર્સે પાંઉની પોઈ, કાત્રે પાવ, કાનકોન પાંઉ (બંગડી કે કંકણ જેવા આકારના) ઉન્ડો (ગોળાકાર) ગોઅન વરાયટીઓ બની. મુંબઈમાં વસતાં ગોઅન અને પોર્ટુગીઝોએ પાંઉનો ઉપયોગ ચાલુ કર્યો. મૂળ તો હૉલી કમ્યુનિયન માટે તો તેમને ખાસ પ્રકારના બ્રૅડ-પાંઉની જરૂર પડતી જ, જે પોડેરાચો બોલ તરીકે ઓળખાતા. મુંબઈમાં એ કાળમાં, ખ્રિસ્તીઓ અને મુસ્લિમોની વસ્તી ધરાવતા વિસ્તારોમાં જ પાંઉનું ચલણ હતું. રૂઢિચુસ્ત અને મરજાદી હિન્દુઓ પાંઉથી બાર ગાઉનું છેટું રાખતા. શક્ય છે કે, યુવાપેઢીને આ 'બદી'થી દૂર રાખવા આનો લોટ તો પગથી મસળવામાં આવે છે, એવી વાત નાનપણથી જ બાળકના મનમાં ઠસાવી દેવાતી. જે હોય તે, પાંઉનો છોછ આજે નથી રહ્યો અને એક કાળે માત્ર ગરીબ વર્ગનું ખાણું ગણાતી આ વસ્તુ આજે બધા જ ખાતા થઈ ગયા છે, આથી તેના ભાવ પણ વધતા ગયા છે. ગોવામાં પોર્ટુગીઝો હિન્દુ કે બ્રાહ્મણોના કૂવામાં પાંઉ નાખી દેતાં અને આ પાણી પીવાથી કે પાંઉ ખાવાથી વટલાઈ જવાય એવું માનવામાં આવતું. આના કારણે અનેક લોકો ધર્મ બચાવવા ગોવા છોડી મુંબઈ કે બેળગાંવ જતા રહ્યા. આજે તેમના વંશજો દિવસમાં ત્રણ વાર ભોજનમાં પાંઉ ખાય છે.

પાંઉને લઘુમતી કોમ વચ્ચેથી બહાર કાઢવાનું કામ કર્યું પાંઉભાજી નામના સ્ટ્રીટ ફૂડે. આ વાનગી ૧૮૫૦થી બનવા લાગી હતી એવી વાયકા છે. જોકે, એક આખી સદી પછી એટલે કે ૧૯૬૦થી પાંઉભાજી મુંબઈગરાને દાઢે વળગી એવા ઉલ્લેખ પણ મળે છે. મુંબઈની મિલોમાં કામ કરતા કામગારોને ઓછા ખર્ચે, પેટ ભરાય અને છતાં પૌષ્ટિક હોય એવું કંઈક મળે એ માટે પોતાની પાસેના બધા જ શાકભાજીને મૅશ કરીને મસાલો નાખી બનાવેલી ભાજી પાંઉ સાથે પીરસવાનું શરૂ થયું. મૂળ તો બચી ગયોલા શાકભાજી જ આમાં નાખવામાં આવ્યા હતા, પણ પછી તો ટમેટાંની ગ્રેવીમાં અન્ય શાકભાજીની બરાબરીના બટેટા નાખી તવા પર જ બનાવાતી આ વાનગી ચાલી પડી. હવે આ ભાજી સાથે રસ્તા પર રોટલી કે પુરી બનાવવાની સહુલિયતો ક્યાં મળે, એટલે હાજરાહજુર પાંઉને તેની સાથે પીરસી દેવાયા. પછી તવા પર આ પાંઉને તેલ કે મસ્કા સાથે ઘસી ગરમાગરમ પીરસવાની શરૂઆત થઈ. પાંઉભાજીના સર્જક કે જનક તરીકે ઈન્ટરનેટ પર તો મોટા ભાગે સરદાર અહેમદને જ ક્રેડિટ અપાય છે. તારદેવમાં આજે પણ સરદાર પાંઉભાજી નામની રેસ્ટોરાં છે અને તેમનો દાવો છે કે, અમે જ મુંબઈમાં આ વાનગી શરૂ કરી હતી. નદી અને સાધુનાં મૂળ અને કુળની જેમ ફૂડ કે વાનગીનું ગોત્ર શોધવું મુશ્કેલ કામ છે. એમાંય મુંબઈ જેવા શહેરમાં જ્યાં અનેક સંસ્કૃતિઓ, સભ્યતા અને ભોજનશૈલીઓ એકમેકમાં એવી તો ભળી ગઈ છે કે ન પૂછો વાત. વર્તમાન સદીના સાંઈઠના દાયકામાં સાંઈઠ પૈસામાં વેચાતી પાંઉભાજી આજે દોઢસો રૂપિયાથી શરૂ થાય છે અને તેની એટલી તો વેરાયટી છે કે રોજ એક ટ્રાય કરો તો કદાચ વર્ષે દહાડે રિપિટ થાય.

૧૯મી સદીના અંત સુધી તે પાંઉ બનાવવા પર ગોવાના લોકોનો એકાધિકાર હતો. પણ પછી, વીસમી સદીની શરૂઆતમાં ઈરાનના યઝદ અને કેરમાન પ્રાંતમાંથી લોકો મુંબઈમાં આવ્યા આમાં ઝોરાસ્ટ્રિયનો સાથે શિયા મુસ્લિમો પણ હતા.પર્શિયા છોડી ૧૨૦૦ વર્ષ પહેલા ભારત આવેલા પારસીઓ તો મુંબઈમાં પહેલેથી હતા જ. મુંબઈની વિખ્યાત ઈરાની કૅફે આ બહારથી આવેલા લોકોએ શરૂ કરી જેમાં ક્યાની, બસ્તાની, સાસાનિયન, યઝદાની અને બી. મેરવાનનો સમાવેશ થાય છે. અહીં કીમા કે ખીમા પાંઉ અને બન-મસ્કા સાથે ઈરાની ચાયની જયાફત માણવા લોકો એકઠા થતા. અન્ય બેકરી આઈટમો પણ પછી તો આ લોકો બનાવતા થયા. હવે શહેરમાંની આવી ઈરાની કૅફે પણ એક પછી એક બંધ થઈ રહી છે. હજી પણ ફોર્ટ અને ધોબી તળાવ વિસ્તારમાં આવી કેટલીક જૂની કૅફે સો-સવાસો વર્ષ પહેલાનો દેખાવ અને સ્વાદ જાળવી ને ઊભી છે. બાય ધ વે, ઈરાની કૅફેમાં મળતા બન અને બ્રુન એમ બે પ્રકારના પાંઉ વિશે પણ જાણવા જેવું છે. ઈરાની ચાય સાથે બન મસ્કા ઉપરાંત બ્રુન એટલે કે કડક પાંઉ ખવાય છે. બન એકદમ નરમ સ્પૉન્ડ જેવું હોય તો બ્રુન બહારથી કડક અને અંદરથી જાળીદાર અને વજનમાં સાવ હળવો પાંઉ છે, એક ચા સાથે ખવાય તો બીજાને ચામાં ડૂબાડી ને. બ્રુન ઉપરથી બ્રાઉન જેવા ગોલ્ડન રંગનું હોય છે અને તેના બૅકિંગમાં ખાસ ધ્યાન રાખવું પડે કેમ કે જો તે જરાક ઓછું શેકાય તો સાદું પાંઉ બની જાય અને વધુ પડતું શેકાઈ જાય તો નકામું થઈ જાય. બૅક થયા પછી તરત તેને બીજા વાસણમાં કાઢી લેવાય છે કેમ કે તે અંદરથી નરમ પડી જાય તો તેની મજા મરી જાય છે. પાંઉની આ બંને વેરાયટીઓની પોતાની અલાયદી મજા છે. થોડોક સ્વીટ ટેસ્ટ ધરાવતા બનને વચ્ચેથી કાપી બે ભાગની વચ્ચે મસ્કો, જામ કે માર્મલેડ લગાડીને ખાવાની મજા જ અનોખી છે.



દાદર સ્ટેશનની બહાર વડા પાંઉનો મુંબઈનો પ્રથમ સ્ટોલ (ઈન્સેટમાં) વડા પાંઉના જનક અશોક વૈદ્ય

તો પાંઉ સાથે બટાટા વડાનું ગઠબંધન એ પાંઉ ગાથાનું કદાચ છેલ્લું તો નહીં, પણ મહત્ત્વનું સીમાચિહ્ન તો કહી જ શકાય. પાંઉભાજીની જેમ જ વડાપાંઉને પણ મુંબઈની ટેક્સ્ટાઈલ મિલ સાથે સંબંધ છે. સામાન્ય સમજ કે વાયકા એવી છે કે, દાદરમાં અશોક વૈદ્ય નામની વ્યક્તિએ ૧૯૬૬માં વડાપાંઉની શોધ કરી હતી. જોકે, કેટલાક લોકો વડાપાંઉના જનક તરીકે સુધાકર મ્હાત્રેનું નામ પણ લે છે. એમ તો થાણે જિલ્લાના કલ્યાણમાં ઘરની બારીમાં વેચાતા ખિડકી વડાપાંઉ આ વાનગીનું આદ્ય સ્વરૂપ હોવાનું પણ માનવામાં આવે છે. વઝે પરિવારે ૧૯૬૦ના દાયકાની શરૂઆતમાં પાંઉની વચ્ચે વડું આપવાની શરૂઆત કરી હતી. કલ્યાણથી આગળ ઉલ્હાસનગર આવે છે, અહીં દેશના ભાગલા પછી સિંધથી આવેલા લોકોને નિરાશ્રિતો તરીકે છાવણીઓમાં રાખવામાં આવ્યા હતા. આ સિંધીઓ બે બ્રૅડની વચ્ચે બટેટાનું શાક નાખી ને પોતાની સાથે લઈ જતાં. ટ્રેનમાં મુંબઈ જતી વખતે લઈ જવામાં અને ખાવામાં સહુલિયત રહે એ માટે આ વ્યવસ્થા કરાઈ હતી. આ રીતે શાક અને બ્રૅડ ખાવામાં તકલીફ એ હતી કે ઘણીવાર શાક તેમાંથી પડી જતું. આથી, આ સિંધીઓની આઈડિયામાં પોતાનો આઈડિયા લગાડી બેસનમાં બટેટાના શાકના ગોળા બનાવી તળી લીધા. હવે, આ થીયરીમાં મોટી ખામી એ છે કે, બટટા વડા તો મરાઠી અને ગુજરાતીઓ પહેલેથી બનાવતા જ હતા. અગેઈન જે હોય તે, શાક રોટલી બેસી ને ખાવી પડે, પણ આ વાનગી તો હાથમાં લઈ ટેસથી હરતાં-ફરતાં કે પ્રવાસમાં પણ ખાઈ શકાય. ૧૯૭૧ સુધી દસ કે પંદર પૈસામાં મળતા વડાપાંઉમાં પણ હવે તો દરેક વિસ્તાર પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે, આ વૈવિધ્યો વિશે લખવા બેસીએ તો કદાચ આખો ગ્રંથ ઓછો પડે. બાય ધ વે, ડ્યુક યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર હેરિસ સોલોમન ૨૦૦૭માં ચયાપચય સંબંધી બીમારીઓ પર સંશોધન કરવા મુંબઈ આવ્યા હતા. સંશોધન દરમિયાન મુંબઈગરાના ભોજનમાં વડાપાંઉ નામની વાનગી વારંવાર આવતી હોવાથી, હેરિસની તેમાં રસ પડ્યો. શહેર, શહેરના લોકો, તેની ગલીઓ અને આ વાનગી સાથે સંકળાયેલા સામાજિક અને રાજકીય ઈતિહાસમાં તેઓ ઊંડા ઉતરતા ગયા અને ૧૮ મહિનાના સંશોધન પછી ધ ટેસ્ટ ધેટ નો શૅફ કૅન ગિવઃ પ્રોસેસિંગ સ્ટ્રીટ ફૂડ ઇન મુંબઈ નામનું રિસર્ચ પેપર તેમણે લખ્યું છે. સિંધીઓવાળી વાત તેમના આ સંશોધનપત્રમાં છે. મિલ હડતાળ પછી ધડાધડ મિલો બંધ થવા લાગી અને લોકો બેરોજગાર થયા, તેમાંના ઘણાએ વડાપાંઉની ગાડી નાખી અને આજે તો ભણેલા-ગણેલા એમબીએ પણ વડાપાંઉ વેચે છે. ભાયખલા સ્ટેશનની બહાર ગ્રેજ્યુએટ વડાપાંઉ નામની પહેલા લારી હતી, હવે દુકાન પણ છે અને એન્જિનિયર વડાપાંઉ નામની જગ્યા પણ મુંબઈમાં શરૂ થઈ છે.

અશોક વૈદ્ય દાદર સ્ટેશન પાસે વડા વેચતા તેમની લારીની બાજુમાં જ અંડા ભુરજીનો સ્ટોલ હતો. એક દિવસ વૈદ્યએ ભુરજીવાળા પાસેથી લાદી પાંઉ લઈ તેમાં વડું નાખી જોયું, પછી ચટણી પણ નાખી અને મુંબઈને તેની સિગ્નેચર ડિશ મળી ગઈ. હવે, તો વડાપાંઉમાં લીલાં મરચાંની, આમલીની અને કંઈ કેટલા પ્રકારની ચટણી નાખવામાં આવે છે. પણ મૂળ તો લસણ, લાલ મરચાં અને મીઠું આ ત્રણ વસ્તુઓથી બનતી સૂકી ચટણી જ આ આઈટમ સાથે પીરસાતી અને આજે પણ અશોક વડાપાંઉ તથા શહેરમાં અનેક જગ્યાએ આ પરંપરા જળવાઈ રહી છે. ૧૯૬૦ના દાયકામાં મરાઠી માણૂસને ઉદ્યોગ સાહસિક બનવાની પ્રેરણા શિવસેનાના બાળાસાહેબ ઠાકરેએ આપી એ પછી અશોક વૈદ્યને વડા સાથે પ્રયોગ કરવાનો વિચાર આવ્યો. તો, શિવસેનાની દરેક રૅલી અને આયોજનમાં અશોક વૈદ્યના ભાગીદાર વિજય સમેળ વડાપાંઉ પહોંચાડતા અને એમાંથી આ વાનગી શિવસેના સાથે જોડાઈ. કહેવાય છે કે, ખુદ બાળાસાહેબ અશોક વૈદ્યના વડાપાંઉના ચાહક હતા અને તેમના વચ્ચે ખાસ મિત્રતા હતી. આગળ જતાં, શિવ વડા નામે શહેરભરમાં લારીઓ શરૂ કરી તો વડાપાંઉ









પાંઉનો પાવર : (ઘડિયાળના કાંટાની દિશામાં) ગોઅન પાઓની વિવિધ વરાયટી, ઈરાની રેસ્ટોરાંમાં બ્રૂન અને બન મસ્કા, કમ્પ્લીટ મીલ સમી પાંઉભાજી

સંમ્મેલનનું આયોજન પણ ૨૦૦૮માં કર્યું હતું અને મૅકડૉનાલ્ડ્સ અને કોકાકોલા જેવી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ તેના મુખ્ય પ્રાયોજકો હતા. બાળાસાહેબની હાકલ અને પાલિકા અધિકારીઓને આ સ્ટોલ્સ સામે પગલાં ન લેવા બાબતે આપેલી ચેતવણીને કારણે શહેરમાં લગભગ દરેક ગલીના નાકે વડાપાંઉના સ્ટોલ, લારી કે ખુમચા છે. હવે, તો જમ્બોકિંગ, ગોલી, ગજાનન અને કુંજાવિહાર જેવી વડાપાંઉ શ્રૃંખલા અને ફ્રેન્ચાઈઝી ખુલી ગઈ છે અને દરેક મુંબઈગરાના પોતાના કોઈક ને કોઈક ફેવરિટ વડાપાંઉ હશે જ જે સ્વાદમાં બેસ્ટ શા માટે છે, એની દલીલો તેઓ દાખલા સહિત આપશે.

પાંઉ માટે ડબલ રોટી શબ્દ વપરાય છે અને તેને પાંઉરોટી પણ કહે છે. એક દલીલ એવી છે કે, ડબલરોટી એટલે પાંઉ નહીં, પણ બ્રૅડ. પણ, કચ્છી દાબેલી શબ્દ ડબલરોટી પરથી આવ્યો છે અને મુંબઈએ પાંઉ આધારિત આ વાનગીને પણ અપનાવી લીધી છે. કચ્છના માંડવી ગામમાં ગાભાભાઈએ શરૂ કરેલી આ આઈટમ પણ આમ તો પાંઉભાજી કે વડાપાંઉની જેમ અકસ્માતે શોધાયેલી વાનગી છે. તો, મહારાષ્ટ્રની મિસળ કે ઉસળ સાથે પણ પાંઉએ ભાઈબંધી કરી લીધી છે. ઘણા લોકો ઉસળ અને મિસળને પણ એક જ સમજે છે, પણ તેમાં ફરક છે. મિસળ તેના નામ પ્રમાણે જ મિશ્રણ કે મિક્સચર છે. મિસળ વધુ તીખી અને મોટા ભાગે મટકી એટલે કે મઠથી અથવા તો અનેક કઠોળોનું મિશ્રણ હોય છે, કોઈ તેમાં મિક્સ ફરસાણ નાખે છે, તો ક્યાંક તેમાં બૅઝ તરીકે બટાટાનું શાક હોય છે. તેનો રસો થોડો ઘાટ્ટો, તીખો અને તેલથી તરબતર હોય છે. આની સામે ઉસળમાં મોટા ભાગે કોઈ એક કે એકથી વધુ કઠોળ (ક્યારેક ફણગાવેલા પણ) હોય છે. તેનો રસો બહુ ઘાટો હોતો નથી અને સ્વાદ તીખો નહીં, સામાન્ય દાળ કે શાક જેવો હોય છે. ગુજરાતીઓના ઘરમાં બનતા વટાણાના રગડાથી થોડો વધારે તીખો અને મિસળ કરતાં ઓછી તીખાશ. મગ, ચોળી, ચણા કે સફેદ અથવા કાળા વટાણાની ઉસળની ભાઈબંધી પણ પાંઉ સાથે જામી છે. એ જ રીતે નોન-વેજમાં પણ કીમા કે ખીમા પાંઉ, ઓમલેટ પાંઉ અથવા તો અંડા ભુરજી પાંઉ જેવા વૅરિએશન્સ મુંબઈમાં ઠેર ઠેર જોવા મળે છે.

# રિલાયન્સ કૅન્સર હૉસ્પિટલ્સની ઍડ્વાન્સ્ડ કૅન્સર કૅરમાં આગેકૂચ

રિલાયન્સ કૅન્સર સેન્ટર્સ નાના શહેરો, અર્ધ-શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં હેલ્થકેરના અંતરને પૂરે છે

કૅન્સર સામેના અવિરત યુદ્ધને રિલાયન્સ કૅન્સર હૉસ્પિટલ્સના ખંતપૂર્વકના પ્રયત્નોના લીધે નવું બળ મળ્યું છે. હેલ્થકેર પહેલ તરીકે સુલભ, ઉચ્ચ-ગુણવત્તાવાળી તબીબી સંભાળની સીમાઓને વિસ્તૃત કરવા માટે ૨૦૧૮માં રિલાયન્સ કૅન્સર હૉસ્પિટલ શરૂ થઈ હતી. ચૅરપર્સન ટીના અંબાણીના નેતૃત્વ હેઠળ ચૅરપર્સન, કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલ્સ અને રિલાયન્સ કૅન્સર હૉસ્પિટલ્સ સમગ્ર દેશમાં પ્રીમિયર અંગે સક્રિયપણે શિક્ષિત કરે છે. આ કેન્દ્રોની સરળ પહોંચને કારણે દર્દીઓને હવે સારવાર માટે મોટાં શહેરોમાં જવું પડતું નથી.

કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલ્સ અને રિલાયન્સ કૅન્સર હૉસ્પિટલ્સનાં ચેરપર્સન ટીના અંબાણી જણાવે છે કે, 'કૅન્સર ભારતમાં જાહેર આરોગ્યના સૌથી મોટા પડકારોમાંથી એક છે, તેના વિશે અસ્વીકૃતતા વ્યાપકપણે ચાલે છે અને કૌશલ્ય તથા સુવિધાઓના અભાવને કારણે નિદાનમાં વિલંબ થાય છે. આથી અમારી કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલ માટે કૅન્સરની સંભાળ એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. અમારું સેન્ટર ફોર કૅન્સર આ અંતર પૂરવાનો પ્રયાસ કર્યો છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'આમાંના પ્રથમ ત્રણ કેન્દ્રો અકોલા, સોલાપુર અને ગોંદિયામાં સંપૂર્ણ રીતે કાર્યરત છે - આ ક્લિનિકલ આઉટપોસ્ટ નથી પરંતુ મુંબઈની કોકિલાબેન હોસ્પિટલના નિષ્ણાતો તથા ટેક્નૉલૉજીથી સજ્જ છે. આ જ કુશળતા નવી મુંબઈ અને ઈન્દોરમાં કોકિલાબેન હૉસ્પિટલના ઓન્કોલોજી વિભાગોને રેખાંકિત કરે છે. એટલું જ નહીં, આ કેન્દ્રો આયુષ્માન ભારત અને મહાત્મા જ્યોતિબા ફૂલે જન આરોગ્ય યોજના બંને સાથે પેનલમાં જોડાયેલા છે, જે પાત્ર લાભાર્થી પરિવારોને કૅન્સરની અદ્યતન સારવારનો લાભ લેવા સક્ષમ બનાવે છે.



અકોલા અને ગોંદિયા કેન્દ્રોએ ડિસેમ્બર ૨૦૨૨માં ચાર વર્ષ પૂર્ણ કર્યા છે અને એકંદરે ત્રણેય કેન્દ્રોએ ૧૩,૦૦૦ કીમોથેરાપી અને ૭૩,૦૦૦થી વધુ રેડિયેશન પૂરા કર્યા છે.

નેશનલ કૅન્સર ઈન્સ્ટિટ્યૂટ અનુસાર, ભારતમાં દર વર્ષે ૧૨.૫ લાખ નવા કૅન્સરના દર્દીઓ નોંધાય છે. દેશમાં બહુ થોડાં કૅન્સર કેન્દ્રો છે, જેમાંથી મોટા ભાગના મોટાં શહેરોમાં છે. ભારત સરકારે કૅન્સરની સંભાળને મુખ્ય ફોકસ ક્ષેત્ર બનાવ્યું છે, ત્યારે દેશમાં વધુ કૅન્સર સારવારને વિસ્તારવાનું મિશન હવે મહારાષ્ટ્રમાં વિશ્વ-કક્ષાના કૅન્સર સંભાળ કેન્દ્રો દ્વારા આકાર લઈ રહ્યું છે. સોલાપુર, અકોલા અને ગોંદિયામાં આવેલી રિલાયન્સ કૅન્સર હૉસ્પિટલો પ્રાદેશિક આરોગ્ય સંભાળમાં પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કૅન્સર કેન્દ્રો અદ્યતન ટેક્નૉલૉજી અને અત્યાધુનિક કીમોથેરેપી પ્રોટોકોલ્સને એકીકૃત કર્યા છે.




તબીબી ઓન્કોલોજિસ્ટ, રેડિયેશન ઓન્કોલોજિસ્ટ અને સહાયક સેવાઓનો સમાવેશ કરતી સારવાર માટે સર્વગ્રાહી અભિગમને આ કેન્દ્રો અનુસરે છે.

પૂર્ણ-સમયના રેડિયેશન ઓન્કોલોજિસ્ટ્સ, કુશળ ટેક્નિશિયન અને લાયક નર્સિંગ સ્ટાફ સાથે સ્ટાફ, કેન્દ્રો તમામ પ્રકારના કૅન્સર માટે વ્યાપક, સંકલિત અને સતત સંભાળ પૂરી પાડે છે. તેઓ પ્રારંભિક તપાસ, સ્ક્રીનિંગ અને નિદાનની જાગૃતિને પણ પ્રોત્સાહન આપે છે, સ્થાનિક વસ્તીને નિવારક પગલાં ટેક્નૉલૉજી અને પ્રતિભાના સંદર્ભમાં હંમેશાં આગળ રહ્યું છે, અને ભારતની શ્રેષ્ઠ મલ્ટિસ્પેશિયાલિટી ઓન્કોલોજી હૉસ્પિટલોમાંની એક તરીકે પ્રસ્થાપિત થયું છે. અમે હેરેડિટરી કૅન્સર ક્લિનિક પણ શરૂ કરી રહ્યા છીએ, જે કૅન્સર માટે કૌટુંબિક જોખમની આગાહી કરવામાં મદદ કરશે. કૅન્સરની સારવારની પહોંચના સંદર્ભમાં શહેરી કેન્દ્રો અને બાકીના દેશ વચ્ચેના વિશાળ ભૌગોલિક વિભાજનને ધ્યાનમાં રાખીને, અમે મહારાષ્ટ્રમાં નાના નગરોમાં કેન્દ્રો સ્થાપીને વ્યાપક કૅન્સર કાર્યક્રમો શરૂ કરવા માટે આધુનિક સાધનો અને કુશળ રેડિયોથેરાપી વર્કફોર્સ મહત્વપૂર્ણ છે. નેશનલ કૅન્સર ગ્રીડ એ ભારતમાં એક સરકારી પહેલ છે, જેને એટોમિક એનર્જી વિભાગ અને તાતા મેમોરિયલ સેન્ટર દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ્ય પ્રમાણિત કૅન્સર સંભાળ સ્થાપિત કરવાનો, તાલીમ અને શિક્ષણ પ્રદાન કરવાનો અને દેશભરની ૨૭૦થી વધુ હૉસ્પિટલો અને સંસ્થાઓ વચ્ચે સહયોગી સંશોધનની સુવિધા આપવાનો છે.

ठक्कर ब्रदर्स मेवावाला
ઠક્કર બ્રધર્સ મેવાવાલા
THAKKAR BROS.® DRYFRUITS
પ્રીમિયમ ક્વૉલિટીના ડ્રાયફ્રૂટ્સ, નટ્સ, બેરીઝ, સીડ્સ, ડ્રાઇડ ફ્રૂટ્સ, ફ્યુઝન મીક્ષ, મીઠાઈ, ચોકલેટ, મુખવાસ, શરબત, ઈમ્પોર્ટેડ પ્રોડક્ટસ, ગીફ્ટ હેમ્પર્સ અને ઘણું બધુ...



50 Years of Trust
MASJID — 22/24, Kazi Syed Street, Mob.: 89282 51255
KANDIVALI — Shubh Kamna Chs, Mahavir Nagar, Mob.: 91374 60177
MULUND — Opp.Dhanvantari Hospital, N.S Road, Mob.: 93215 38889
www.thakkarbros.com
@thakkarbros_dryfruits

જન્મભૂમિને ૯૦મા વર્ષની હાર્દિક શુભેચ્છા

બોમ્બે મુડીબજાર કરીયાણા મર્ચન્ટ્સ એસોસિએશન
સ્થાપના-૧૯૦૯

બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ



શ્રી કીર્તિ રાણા (ચૅરમૅન)



શ્રી દિવ્યેશ શાહ (વાઈસ ચૅરમૅન)
શ્રી જયેશ શેઠ (સેક્રેટરી)
શ્રી કેતન શાહ (જૉઈન્ટ સેક્રેટરી)
શ્રી અજય મહેતા (ટ્રેઝરર)
શ્રી યોગેશ ત્રિવેદી (ડાયરેક્ટર)
શ્રી કાંતિલાલ જે. શાહ (ડાયરેક્ટર)
શ્રી અમિત શાહ (ડાયરેક્ટર)
શ્રી કલ્પેશ શાહ (ડાયરેક્ટર)
શ્રી કમલેશ પટેલ (કૉ.ઓપ્ટ. ડાયરેક્ટર)
શ્રી આશિષ ભટ્ટ (કૉ.ઓપ્ટ. ડાયરેક્ટર)
શ્રી સંજય શાહ (ખાસ આમંત્રિત ડાયરેક્ટર)
શ્રી કાંતિલાલ ત્રિવેદી (ખાસ આમંત્રિત ડાયરેક્ટર)

ઑફિસ નં. : ૧૨૬/૧૨૭, મર્ચન્ટ્સ સેન્ટર, પ્લોટ નં. ૧૪, સેક્ટર-૧૯, એ.પી.એમ.સી. માર્કેટ-૧ પાસે, વાશી, નવી મુંબઈ-૪૦૦ ૭૦૩.
ફોન નં. - ૨૭૬૫ ૨૨૩૫, ટેલી. ફેક્સ - ૨૭૬૬ ૦૧૦૪. Email ID : mudibazar4u@hotmail.com



Applications invited for
ADMISSIONS 2023-24
3 STEP ONLINE ADMISSION PROCESS
1. Fill Online Application Form
2. Upload documents
3. Pay fees online
Affiliated to University of Mumbai

RSET's Ghanshyamdas Saraf college of arts & commerce
NAAC Accredited
www.sarafcollege.org
admissions@sarafcollege.org
College Code: 59

| | | | |
|---|---|---|---|
| B.COM Bachelor of Commerce | BMS Bachelor of Management Studies | | BCBI Banking & Insurance |
| BCAF Accounting & Finance | BFM Financial Markets | BScIT Information Technology | M.COM Master of Commerce |

RSET's Deviprasad Goenka management college of media studies
www.dgmc.org.in
admissions@dgmcms.org.in
College Code: 488

| | |
|---|---|
| BA FTNMP Film, Television & New Media Production | MA FTNMP Film, Television & New Media Production |
| BA MMC Multimedia & Mass Communication | MA CJ Communication & Journalism |



RSET's Ladhidevi Ramdhar Maheshwari night college of commerce
www.lrmc.org.in
admissions@lrmc.org.in
College Code: 526

| | |
|---|---|
| B.COM Bachelor of Commerce | M.COM Master of Commerce |


RSET Campus, SV Road, Malad (W), Mumbai - 64
Call: 7208955470 / 71 / 72

# મુંબઈનો બદલાતો રંગ અને નવા ઢંગ

મુંબઈના અનેક રંગ બદલાયા છે અને ઢંગ પણ બદલાયા છે. વિવિધ શાસકોના હાથમાંથી પસાર થતું બૉમ્બે... મુંબઈ બન્યું અને વેપારથી ઉદ્યોગ અને હવે વાણિજ્યનું કેન્દ્ર બનેલું આ મહાનગર જાણે કે અપડેટ થઈ રહ્યું છે. બદલાઈ રહેલા મુંબઈનો આ ચહેરો અહીં ફોટો-જર્નાલિસ્ટ **વિરલ જોશી**એ રજૂ કર્યો છે...

મુંબઈ સુશોભીકરણ (બોરીવલી-ગિરગામ)



ગાર્ડન લાઈબ્રેરી (બોરીવલી)



મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક રોડ




સુરક્ષા દળ માટે નવાં વાહનો



રાણીબાગમાં પેંગ્વિન કક્ષ





સંજય ગાંધી નેશનલ પાર્કમાં સિંહ અને દીપડાની જોડી



ફ્લેમિંગો (નવી મુંબઈ)



ગિરગામ વ્યૂઈંગ ડેક




ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્મારક, દાદર




દાદર ચૈત્યભૂમિ વ્યૂઈંગ ડેક







નવાં આધુનિક બસસ્ટોપ, વરલી-મહાલક્ષ્મી



'મન કી બાત'ના ૧૦૦ એપિસોડ પૂરા થવા નિમિત્તે ગેટવે પર લેઝર શૉ



ગેટવે પર છત્રપતિ શિવાજી મહારાજના જીવન આધારિત લેઝર શૉ

# વર્ષ ૨૦૨૭ સુધીમાં દસ હજાર ઈલેક્ટ્રિક બસ ખરીદવાની 'બેસ્ટ'ની નેમ

વિશ્વમાં શ્રેષ્ઠ જાહેર વાહનવ્યવહાર પ્રણાલી ધરાવતા ટોચના ૧૯ શહેરોમાં મુંબઈનો સમાવેશ થાય છે. આ સર્વેક્ષણમાં ભારતમાંથી ફક્ત મુંબઈને જ સ્થાન પ્રાપ્ત થયું છે. વિશ્વમાં મુંબઈને આ મોખરાનું સ્થાન અપાવવામાં 'બેસ્ટ' અને લોકલ ટ્રેનનો સિંહફાળો છે.

'બેસ્ટ' ઉપક્રમ સમયની સાથે સતત કદમ મિલાવતો રહ્યો છે. આબોહવા પરિવર્તન અને પ્રદૂષણના પડકારના મુકાબલા માટે સજ્જ થઈ રહેલા 'બેસ્ટ' ઉપક્રમે પેટ્રોલ-ડીઝલને બદલે વીજળી અને વાયુઈંધણ ઉપર વધારે આધાર રાખવાની શરૂઆત કરી દીધી છે.

### ભારતની સૌથી વધુ ૪૦૮ ઈ-બસ 'બેસ્ટ' પાસે

હાલ ભારતમાં વીજળી વડે ચાલતી સૌથી વધારે ૪૦૮ ઈ-બસ 'બેસ્ટ' ઉપક્રમ પાસે છે. વર્ષ ૨૦૨૪ સુધીમાં વીજળી વડે ચાલતી ૩૦૫૦ બસ 'બેસ્ટ'ના કાફલામાં ઉમેરવામાં આવશે. 'બેસ્ટ' ઉપક્રમ



વર્ષ ૨૦૨૭ સુધીમાં વીજળી વડે ચાલતી બસની સંખ્યા ૧૦,૦૦૦ કરવાની મહત્વકાંક્ષી યોજના ધરાવે છે. વર્ષ ૨૦૨૭ સુધીમાં તેના કાફલામાં ૧૦૦ ટકા બસ વીજળી વડે ચાલતી રાખવાની યોજના 'બેસ્ટ' ધરાવે છે.

### મહિલા ડ્રાઈવરો અને કંડક્ટરોને પ્રશિક્ષણ

મહિલા પ્રવાસીઓની સંખ્યા વધારવા માટે પણ પગલાં ભરવામાં આવી રહ્યાં છે. વીજળી વડે ચાલતી બસોમાં મહિલા ડ્રાઈવરો અને કંડક્ટરોની નિમણૂક કરવાની યોજના હોવાથી તેઓને તાલિમ આપવામાં આવી રહી છે.

### 'ચલો ઍપ'ના ઉપયોગમાં સતત વધારો

'બેસ્ટ'ની 'ચલો ઍપ'નો ઉપયોગ કરનારા પ્રવાસીઓની સંખ્યા સતત વધી રહી છે. ઑનલાઈન ટિકિટ અને વધુ સગવડભર્યા પ્રવાસ વડે 'બેસ્ટ' ઉપક્રમે ધીમે ધીમે ડિજિટલ ક્રાંતિ અપનાવી છે એમ કહી શકાય.

### બસસ્ટૉપનું નૂતનીકરણ

'બેસ્ટ' દ્વારા મુંબઈમાંના ૩૬ બસ સ્ટોપનું નૂતનીકરણ કરવાનો પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે. આ બસસ્ટોપ મોટાભાગે દક્ષિણ મુંબઈ, બાન્દ્રા અને વડાલામાં આવેલાં છે. દક્ષિણ મુંબઈમાં ગિરગામ ચોપાટી પાસે વિલ્સન કોલેજની ફૂટપાથ ઉપરનાં ત્રણેય બસ સ્ટોપનું તેમ જ વરલી સીફેસની સામે નેહરુ પ્લેનેટોરિયમના બસ સ્ટોપનું નૂતનીકરણ બધાંનું ધ્યાન ખેંચે છે. 'બેસ્ટ'ના અધિકારીઓએ જણાવ્યું હતું કે રેલવે સ્ટેશનો અને લોકોની ભારે અવરજવર ધરાવતા વિસ્તારોમાં બસસ્ટોપની આસપાસ ભારે અતિક્રમણ થતું હોય છે. તેમાંથી મુંબઈ પાલિકા અને પોલીસની મદદ વડે માર્ગ કાઢવામાં આવશે. આ અતિઆધુનિક બસસ્ટોપ ઉપર 'ક્યુઆર કોડ' હશે. તેના થકી આસપાસના પબ્લિક ટોઈલેટ, મૉલ અને કૅફે જેવી જાણકારી મળી રહેશે. આ પ્રકારનાં બસ સ્ટોપ ઉપર પારદર્શક ફાયબર ગ્લાસની છત, વાંચનાલય અને વિનામૂલ્યે વાઈફાઈ જેવી સુવિધા આપવામાં આવશે.

### ડબલ ડૅકર : જૂની બસોની વિદાય, એસી બસનું આગમન

દક્ષિણ મુંબઈમાં વાતાનુકુલિત ડબલ ડૅકર બસો દોડતાં બધાંયે જોઈ છે. ઘણા લોકોએ તેમાં બેસીને દક્ષિણ મુંબઈમાંના મ્યુઝિયમ, રિઝર્વ બૅન્ક અને મુંબઈ વિદ્યાપીઠ જેવી હેરીટેજ ઈમારતો નિહાળવાનો આનંદ માણ્યો હશે. 'બેસ્ટ' ઉપક્રમ તેની દાયકાઓ જૂની ડબલ ડૅકર બસોને તેના કાફલામાંથી વિદાય કરી રહ્યો છે. હાલ 'બેસ્ટ' ઉપક્રમ પાસે ૪૦થી ૫૦ જેટલી ડબલ ડૅકર બસ છે. તેને ચાલુ વર્ષના અંત સુધીમાં તબક્કાવાર વિદાય કરાશે. શેષ રહેનારી પાંચ ડબલ ડૅકર બસો એપ્રિલ ૨૦૨૪ સુધીમાં વિદાય લેશે. 'બેસ્ટ'ના કાફલામાં સૌ પ્રથમવાર ડબલ ડૅકર બસ વર્ષ ૧૯૩૭માં સામેલ કરવામાં આવી હતી. 'બેસ્ટ' ઉપક્રમ જૂની ડબલ ડૅકર બસોને સ્થાને નવી વાતાનુકૂલિત અને વીજળી વડે ચાલતી ડબલ ડૅકર બસો ખરીદવા પ્રયત્નશીલ છે. હાલ 'બેસ્ટ' પાસે જે બે વાતાનુકૂલિત અને વીજળી વડે ચાલતી ડબલ ડૅકર બસ છે તે અશોક લેલેન્ડની ભગીની પેઢી-સ્વીચ મોબિલિટી દ્વારા બનાવવામાં આવી છે.

### 'બેસ્ટ'ના પ્રવાસીઓની સંખ્યા કોરોના પહેલાંના સમય કરતાં વધી

'બેસ્ટ' ઉપક્રમ પાસે કોરોના પૂર્વે ૩૩૦૦ જેટલી બસ હતી. વર્ષ ૨૦૨૧માં ૩૩૦૦ બસો સાથે દૈનિક પ્રવાસીઓની સંખ્યા ૨૮ લાખ હતી. ઑક્ટોબર, ૨૦૨૨માં 'બેસ્ટ'ની બસોની સંખ્યા ૩૬૧૯ (૪૦૩ ઈલેક્ટ્રિક બસ સાથે) હતી અને દૈનિક પ્રવાસીઓની સંખ્યા ૩૫ લાખ ઉપર પહોંચી હતી. જોકે મે, ૨૦૨૩ના આંકડા મુજબ 'બેસ્ટ'ની બસોની સંખ્યા ૩૨૨૮ (૪૦૬ ઈલેક્ટ્રિક બસ સહિત) હતી. પરંતુ પ્રવાસીઓની દૈનિક સંખ્યા ઘટીને દૈનિક ૩૩ લાખ ઉપર પહોંચી હતી. અર્થાત ગત મે, ૨૦૨૩ના આંકડા અનુસાર 'બેસ્ટ'ના કાફલાનું કદ ૧૧ ટકા ઘટતાં દૈનિક પ્રવાસીઓની સંખ્યા પણ બે લાખ જેટલી ઘટી છે.

### 'બેસ્ટ'ના કાફલામાં કેટલી બસો ?

'બેસ્ટ'ના કાફલામાં તેની પોતાની ૧૬૪૬ બસો છે. તેમાં ડીઝલ સિંગલ ડેકર ૨૪૫, ડીઝલ ડબલ-ડેકર ૪૫, સીએનજી ૧૩૫૦ અને ઈલેક્ટ્રિક ૭ બસોનો સમાવેશ થાય છે. જ્યારે વેસ્લીઝ કાફલામાં ડીઝલની ૨૮૦, સીએનજીની ૯૦૦, ઈલેક્ટ્રિક સિંગલ-ડેકરની ૪૦૦ તેમ જ ઈલેક્ટ્રિક ડબલ-ડેકરની બે બસો સહિત કુલ ૧૫૮૨ બસો છે.

ધી ભુલેશ્વર રીટેલ એન્ડ ક્લોથ ડિલર્સ એસોસીએશન

JANMABHOOMI GROUP જન્મભૂમિ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પ્રકાશન

૯૦માં વર્ષના અખંડ "નવાંક" પ્રવેશ બદલ
ખૂબ ખૂબ...અભિનંદન

મુંબઈ મોહમયી સાથે મોહક નગરી ભુલેશ્વરના
અનેક નૂતનિકરણ પામેલ
ફેશન શોરૂમોથી સુસજ્જ રંગબેરંગી લગ્નસરા
તથા પ્રસંગોને અનુરૂપ
લેટેસ્ટ ચણિયા ચોળી સેટ્સ
સાડીઓ
ઈમીટેશન જ્વેલરી
ઘરગથ્થુ વસ્તુઓ વગેરે માટે
મહિલાઓનું માનીતું મુંબઈનું હંમેશા ધબકતું હૃદય
તે છે સ્વયંભૂ ભોળાનાથનું "ભુલેશ્વર."

વર્ષોથી આ સંપૂર્ણ વિસ્તાર રીટેલ અને હોલસેલ ટ્રેડમાં
શિરમહોર રહ્યો છે.
મહિલા જગતનો આ માનીતો ભુલેશ્વર વિસ્તાર
આપ સર્વેનું સહર્ષ સ્વાગત કરે છે.

ભૂલેશ્વરના વિકાસ અને પ્રગતિ માટે સદાય તત્પર
પ્રમુખ : શ્રી ગિરીશભાઈ ડ્રેસવાલા
ઉપપ્રમુખ : શ્રી વેલજીભાઈ શાહ, શ્રી નરેન્દ્રભાઈ કાટકોડીયા
સેક્રેટરી : શ્રી કનુભાઈ રાવલ, શ્રી નવિનભાઈ ઠક્કર
ટ્રેજરર : શ્રી અશોકભાઈ ગાલા, શ્રી કિર્તીભાઈ ગડા
પદાધીકારી : શ્રી જગદીશભાઈ પુરોહિત, શ્રી સતિશભાઈ મિયાણી,
શ્રી લલીતભાઈ વિરાત્રા, શ્રી તનસુખભાઈ ગાલા, શ્રી દિવ્યાંગ મિયાણી,

KHOOSHI CREATIONS: 9869000624

NAVI MUMBAI MERCHANT'S CHAMBER
Gr. Flr., C. F. Bldg., APMC Market-I, Phase-II, Turbhe-Vashi, Navi Mumbai : 400 703
Telefax No : 2765 1217, EPABX-5007-5009 E-mail : nmmc11992@gmail.com

નવી મુંબઈનું નજરાણું - પ્રસ્તાવિત

સુમારે ૧૦૦૦થી ૧૫૦૦ વ્યક્તિઓની કેપિસીટી ધરાવતા એ.સી. હોલમાં કૉન્ફરન્સ, સેમીનાર, એકઝીબીશન, લગ્નપ્રસંગ, સંગીત સંધ્યા, વાર્ષિક મિટિંગો, ધાર્મિક પ્રસંગ વગેરેમાં ઉપયોગી એવો ભવ્ય આધુનિક સંપૂર્ણ એ.સી. હોલ વ્યાજબી ચાર્જ લઈ સમય, સંજોગ અનુસાર ઉપલબ્ધ રહેશે.



ભવ્ય આધુનિક વિશાળ હોલ (આર્ટ ગેલેરી) મરચન્ટસ સેન્ટર એ.સી હોલ - મરચન્ટસ સેન્ટર, પ્લોટ નં ૧૪, સેક્ટર-૧૯, વાશી.

સર્વ સંસ્થા તથા વેપારીઓ અને દલાલ ભાઈઓના તરફથી
જન્મભૂમિને ૯૦માં વર્ષ પ્રસંગે શુભકામના

ચેમ્બરનાં બોર્ડ ઑફ ડિરેક્ટર્સ નવી મુંબઈ મર્ચન્ટ્સ ચેમ્બર



શ્રી કીર્તિભાઈ રાણા (ચૅરમૅન)



શ્રી જયેશ શેઠ (વાઈસ ચૅરમૅન)

- શ્રી નિમેષ ધીરાવાણી (ઓ. સેક્રેટરી)
- શ્રી અમૃતલાલ સાવલા (ઓ. ટ્રેઝરર)
- શ્રી ગોપાલ આહુજા (ડાયરેક્ટર)
- શ્રી ગિરીશ રાણા (ડાયરેક્ટર)
- શ્રી મુકેશ દેઢિયા (ડાયરેક્ટર)
- શ્રીમતિ અલકા કીર્તિ રાણા (ડાયરેક્ટર)
- શ્રી રમણિકલાલ છેડા (ડાયરેક્ટર)
- શ્રી મુકેશ શાહ (ડાયરેક્ટર)
- શ્રી તેજસ પારેખ (ડાયરેક્ટર)
- શ્રી કમલેશ પટેલ (નોમીની ડાયરેક્ટર)
- શ્રી અમરશી કારીયા (ઓ. જોઈન્ટ સેક્રેટરી)
- શ્રી ઈશ્વરલાલ શિંગાલા (ડાયરેક્ટર)
- શ્રી વિજય પટેલ (ડાયરેક્ટર)
- શ્રી મહેન્દ્ર દોશી (ડાયરેક્ટર)
- શ્રી હરેશ અભાણી (ડાયરેક્ટર)
- શ્રી દિવ્યેશ શાહ (ડાયરેક્ટર)
- શ્રી કાન્તિલાલ ભટ્ટ (ડાયરેક્ટર)
- શ્રી મહેન્દ્ર શાહ (ડાયરેક્ટર)
- શ્રી કેતન શાહ (ડાયરેક્ટર)
- શ્રી અનિલ દામાણી (નોમીની ડાયરેક્ટર)

STEEL THE LOOK




New Age design range of
Kitchenware, Dinnerware, Tableware and Cookware from
KUKU RATNA Banaye cooking aasaan !
RATNA Kitchenware • Dinnerware • Tableware Banaye cooking aasaan !
GULU by RATNA Banaye cooking aasaan !
An ISO 9001:2015 Certified Company
RATNA HOME PRODUCTS PVT. LTD., VASAI
• Tel: (+91) 7045354873
• Email: support@ratnahomeproducts.in
• Website: www.ratnahomeproducts.in

# મુંબઈમાં બનશે ભારતની પ્રથમ અંડરસી ટ્વિન ટનલ

મુંબઈમાં ૨૦૨૩માં ભારતની પ્રથમ સમુદ્ર નીચેથી પસાર થતી ટનલ (અંડરસી ટનલ) બની રહી છે, જે શહેરના તટવિસ્તારમાં આવેલા માર્ગો માટેની યોજનાનો એક ભાગ હશે. મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ (એમસીઆરપી) દક્ષિણ મુંબઈને ઉત્તર-પૂર્વના ટોલ ફ્રી ફ્રેવે સાથે જોડતી મહત્ત્વકાંક્ષી યોજના છે, જેના દ્વારા વિશ્વના સૌથી વધુ ભીડવાળા શહેરોમાં વાહનવ્યવહારને વધુ સરળ બનાવવાની આશા સેવાઈ રહી છે.

મરીન ડ્રાઈવથી બાન્દ્રા-વરલી સી લિન્કને જોડતી ૧૦.૫૯ કિલોમીટરનો એમસીઆરપીમાં બે ટનલ (ટ્વીન ટનલ) જેની લંબાઈ ૨.૦૭ કિલોમીટર છે, જેમાંથી એક કિલોમીટરની ટનલ સમુદ્રની નીચેથી પસાર થશે. આ ભારતની પ્રથમ અંડરસી રોડ ટનલ ગિરગાંવ ચોપાટી પાસેના અરબી સમુદ્રમાંથી પસાર થશે, જે પ્રિયદર્શની પાર્કથી શરૂ થશે અને મરીન ડ્રાઈવમાં નેતાજી સુભાષ રોડ પર પૂરી થશે.મુંબઈ શહેરમાં ટ્વિન ટનલનું નિર્માણ અપેક્ષા કરતા ઓછા ઊંડાણમાં કરાઈ રહ્યું છે. આ વિશ્વની અન્ય અંડરસી ટનલો કરતા અલગ હશે, જેમાં ચૅનલ ટનલ પણ સામેલ છે જેવી ચેનલ ટનલ ઈંગ્લૅન્ડ અને ફ્રાન્સને જોડે છે. મુંબઈની અંડરસી ટનલ સીબેડ (સમુદ્રની સપાટી)થી ૧૭થી ૨૦ મીટર નીચે હશે. તેની સરખામણીમાં તે ચૅનલ ટનલ સમુદ્રની સપાટીથી ૭૫ મીટર નીચે છે, જ્યારે જાપાનમાં સીકન ટનલ સીબેડથી ૧૦૦ મીટર નીચે સ્થિત છે. મુંબઈની ટનલ તટથી વધુ નજીક બનાવવામાં આવી રહી છે, જ્યાં સમુદ્રનું ઊંડાણ ચારથી પાંચ મીટરથી વધુ નથી. કોસ્ટલ રોડના મરીન ડ્રાઈવમાં પ્રિયદર્શની પાર્કથી રાજકુમારી સ્ટ્રીય ફ્લાયઓવર સુધીની ટનલ માટે અંદાજે રૂા. ૨,૭૯૮.૪૪ કરોડ ખર્ચ થશે, જેમાં મુખ્ય રીતે ટ્વીન ટનલ અને તેના સંબંધિત કાર્યોનો સમાવેશ થાય છે. ટ્વિન ટનલમાં પ્રત્યેકમાં બે લેન હશે, જેની પહોળાઈ ૩-૩.૨ મીટર હશે અને તેમાં આપાતકાલીન લેન પણ હશે. બે ટનલ અલગ અલગ છે, જેમાં ૧૧ ક્રોસ સેકશન ટનલ બનાવવામાં આવી રહી છે, જેથી ટ્વિન ટનલને એકબીજા સાથે જોડી શકાય. આ ટનલનો ઉપયોગ આપાતકાલીન સમયે કરવામાં આવશે, જેમાં એક ટનલથી લોકોને ક્રોસ સેકશન કનેકશન દ્વારા બીજી ટનલમાં બહાર કાઢી શકાશે.

જળ નિકાલ પ્રણાલી (સીપેજીસ) માટે પણ ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. કોઇ પણ સીપેજીસ, વાહનોમાંથી નીકળતું તેલ અને ફાયર હાઈડ્રંટના ડિસ્ચાર્જ માટે પ્રત્યેક પચાસ મીટરના અંતરે નાળાઓ બનાવવામાં આવશે.





જન્મભૂમિને
૯૦મા વર્ષની હાર્દિક શુભેચ્છા
એક શુભેચ્છક

ESTD : 1957
Stainless Steel Merchants' Association
ESTD. 1957 PUBLIC REGN. TRUST NO. F-8438 (MUMBAI)
Matushri Jetbai Liladhr Kheraj Hall, Sangani Sadan, 2nd Floor, 66, C.P. Tank Road, Mumbai-400 004.
Email: ssmassociation@gmail.com, Ph.: 66747100, Mob.: 9653632207.

રાજકીય - સામાજીક - ધાર્મિક - શૈક્ષણિક - સાહિત્ય - વ્યાપારમાં
સદા યુવા વિચારોથી સુશોભીત
સમસ્ત ગુજરાતી, રાજસ્થાની વર્ગમાં અહર્નિશ
જાણીતું તેમ જ માનીતું દૈનિક પત્ર

જન્મભૂમિને ૯૦માં જન્મદિન નિમિત્તે ખૂબ ખૂબ શુભકામનાઓ



પદાધિકારીઓ


| | | |
|---|---|---|
| DUNGARSHI T. VIKMANI | : | CHAIRMAN |
| SUNIL R. AGARWAL | : | PRESIDENT |
| RAMESH M. KOTADIA | : | VICE PRESIDENT |
| KALPESH R. SHAH | : | HON. SECRETARY |
| ASHISH M. SHAH | : | HON. TREASURER |
| BHARAT H. RAJAWAT | : | HON. TREASURER |

Committee Members
Ajay J. Agarwal, Atul D. Shah, Deepak C. Shah, Hitendra B. Bhalaria, Hitesh R. Mehta, Mohan M. Gada, Narendra L. Shethia, Praful V. Savla, Pravin C. Parmar, Rajesh M. Gosar, Sunil V. Shah



KHOOSHI CREATIONS: 9869000624

# વહાલી દીકરી યોજના
આપણી સરકાર દીકરીઓની કરે દરકાર

**આવક મર્યાદા**
- આ યોજના અંતર્ગત લાભ મેળવવા માંગતા દંપતીની (પતિ-પત્નીની સંયુક્ત) વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી બંને વિસ્તારો માટે એક સમાન રૂ.૨,૦૦,૦૦૦/- કે તેથી ઓછી હોવી જોઈએ

**પાત્રતાના ધોરણો**
- તા.૨/૮/૨૦૧૯ના રોજ અને ત્યારબાદ જન્મેલ દીકરીના કુટુંબીજનો દ્વારા દીકરીના જન્મના એક વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે
- દંપતીની પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે
- અપવાદરૂપ કિસ્સામાં બીજી/ત્રીજી પ્રસુતિ વખતે કુટુંબમાં એક કરતા વધારે દીકરીઓનો જન્મ થાય એ દંપતીની દીકરીઓની સંખ્યા ત્રણ કરતાં વધારે થતી હોય તો પણ તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે
- બાલલગ્ન પ્રતિબંધક અધિનયમ-૨૦૦૬ની જોગવાઈઓ મુજબ પુખ્ત વયે લગ્ન કરેલ હોય તેવા દંપતીની દીકરીઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે

**યોજના અંતર્ગત મળતી સહાય**
- **પ્રથમ હપ્તોઃ** દીકરીઓને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦/- મળવાપાત્ર થશે
- **બીજો હપ્તોઃ** નવમાં ધોરણ પ્રવેશ વખતે રૂ.૬૦૦૦/-ની સહાય મળવાપાત્ર થશે
- **છેલ્લો હપ્તોઃ** ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે કુલ રૂ.૧,૦૦,૦૦૦/-ની સહાય મળવાપાત્ર થશે, પરંતુ દીકરીના બાળલગ્ન થયેલ ન હોવા જોઈએ

**અરજીપત્રક ક્યાંથી મેળવવું:**
- આ યોજનાનું અરજીપત્રક તાલુકા મામલતદારના જનસેવા કેન્દ્ર, ગ્રામ પંચાયત તથા મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતેથી વિનામૂલ્યે મળશે

**અરજીની પ્રક્રિયા**
- આ યોજનાનું અરજીપત્રક જનસેવા કેન્દ્ર, **e-Gram** સેન્ટર ખાતે તથા મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતે જમા કરાવી શકાશે
- વહાલી દીકરી યોજનાનું અરજીપત્રક ઓનલાઈન ડીજિટલ ગુજરાત પર પણ ભરી શકાય છે

**અરજી સાથે રજૂ કરવાના થતાં પુરાવા**
- દીકરીના જન્મનું પ્રમાણપત્ર
- દીકરીનું આધારકાર્ડ
- માતા-પિતાનું આધારકાર્ડ
- લાભાર્થી દીકરીના માતા-પિતાનું લગ્ન નોંધણી પ્રમાણપત્ર
- લાભાર્થી દીકરીના માતા-પિતાની અથવા એકલ માતા/પિતા/વાલી દ્વારા અરજીના કિસ્સામાં કુલ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર (ગ્રામ પંચાયત તલાટી અથવા મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી અથવા ચીફ ઓફિસર દ્વારા આપવામાં આવેલ)
- લાભાર્થી દીકરી અથવા માતા/પિતાના બેંક ખાતાની પાસબુકની નકલ
- રેશનકાર્ડ
- નિયત નમૂના મુજબ સ્વ-ઘોષણા
- અનાથાલય/સ્વૈચ્છિક સંસ્થા તરફથી અરજીના કિસ્સામાં સંસ્થાની નોંધણી સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ-૧૮૬૦/ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ-૧૯૫૦ હેઠળ નોંધાયેલ હોવાના આધાર પુરાવાઓ

**વધુ માહિતી અને માર્ગદર્શન માટે સંપર્ક કરો**
- **ગ્રામ સ્તરેઃ** આંગણવાડી કેન્દ્ર /ગ્રામ પંચાયત, • **તાલુકા સ્તરેઃ** જે તે તાલુકાની સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રી (ICDS) ની કચેરી, • **જિલ્લા સ્તરે :** સંબંધિત જિલ્લાની મહિલા અને બાળ અધિકારીની કચેરી

https://wcd.gujarat.gov.in



દીકરીઓનાં સશક્તિકરણથી થશે સમાજનું સશક્તિકરણ

**૧.૭૫ લાખથી વધુ** લાભાર્થીઓએ મેળવ્યો વહાલી દીકરી યોજનાનો લાભ

**વહાલી દીકરી યોજનાનો મુખ્ય હેતુ દીકરીના જન્મને વધાવવા, દીકરીઓના શિક્ષણને મહત્વ અપાવવા, બાળ લગ્ન અટકાવવા તેમજ સમાજમાં સ્ત્રીના સ્થાનને વધુ મજબૂત બનાવવાનો છે**